BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## ડિપ્લોમા - બૌદ્ધિક સંપત્તિ અને સાયબર અપરાધ
## Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)

**સેમેસ્ટર – 1**
**પેપર - DIPACC - 2**
**બૌદ્ધિક સંપત્તિ - 1**
**(Intellectual Property-I)**



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

# Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)

## DIPACC - Paper – 2 બૌદ્ધિક સંપત્તિ - - I (Intellectual Property - I)


**નિદર્શન**

**પ્રો. યોગેન્દ્ર પારેખ** — નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ

**સંપાદક**

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** — અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** — DIPACC કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

**વિષય સમિતિ**

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** — અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. અરૂંધતી દાસાણી** — આસિસ્ટન્ટ પ્રોફેસર, એ.એમ.પી સરકારી લો કોલેજ, યાજ્ઞિક રોડ, રાજકોટ

**સુશ્રી સત્યા એસ. પોગારૂ** — પેટન્ટ એજન્ટ, પાર્ટનર અને વાઇસ-પ્રેસિડેન્ટ, એન્જીનિયર અને સોફ્ટવેર ગ્રુપ, લેક્સપર્ટ કોન્સિલિયમ એલએલપી, અમદાવાદ

**લેખન**

**ડૉ. પરવેઝ બ્લોચ** — આચાર્ય (I/C), J. J. C. E. T લો કોલેજ, બિલખા રોડ, જૂનાગઢ

**ડૉ. નિલમ શેઠ** — આસિસ્ટન્ટ પ્રોફેસર, અવિરત લો કોલેજ, થલતેજ, અમદાવાદ

**વિષય પરામર્શન**

**ડૉ. મીનલ એ. રાવલ** — આચાર્ય, એ. એમ. પી. સરકારી લો કોલેજ, યાજ્ઞિક રોડ, રાજકોટ

**ભાષા પરામર્શન**

**પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** — નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા



**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** **2025: પ્રથમ આવૃત્તિ**

**ISBN NO:** **978-93-5598-885-0**

978-93-5598-885-0



**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**DIPACC – સેમેસ્ટર – 1**

**પાઠ્યક્રમ – 2 બૌદ્ધિક સંપત્તિ – I**

**(Intellectual Property - I)**


**એકમ-1**

**પેટન્ટ** **01**

**એકમ-2**

**કોપી રાઈટ** **15**

**એકમ-3**

**અર્ધ-વાહક અને સંકલિત સર્કિટ્સ** **30**

**એકમ-4**

**અર્ધ-વાહક અને સંકલિત સર્કિટ્સ** **47**

**એકમ-5**

**તુલનાત્મક અભ્યાસ** **64**

## વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, બૌદ્ધિક સંપત્તિ એ માનવમાત્રની સર્જનાત્મક શક્તિનું પ્રતિક છે, જે સમાજને નવી શોધો, કલા, સાહિત્ય અને વૈજ્ઞાનિક શોધોમાં આગળ વધવામાં મદદ કરે છે. DIPACC - Paper – 2 બૌદ્ધિક સંપત્તિ - I (Intellectual Property - I) પાઠ્યક્રમ બૌદ્ધિક સંપત્તિના વિવિધ પાસાઓને આવરે છે જેમ કે પેટન્ટ, કોપીરાઈટ, સેમીકન્ડક્ટર અને ઇન્ટીગ્રેટેડ સર્કિટ, છોડની જાતો અને તેમના સંવર્ધનના અધિકારો વગેરે. આ બૌદ્ધિક સંપત્તિના વિવિધ પ્રકારોના મૂળભૂત તત્વો, કાયદાકીય માળખા, અને તેનો વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં તેના મહત્વ પર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ સાથે જ વિવિધ દેશોના બૌદ્ધિક સંપત્તિ કાયદાઓની તુલના દ્વારા વૈશ્વિક દ્રષ્ટિકોણ પણ વિકસિત કરવાનો પ્રયત્ન કરેલ છે.

વિદ્યાર્થીમિત્રો, પ્રથમ એકમમાં પેટન્ટ વિશે સમીક્ષા કરેલ છે, જે શોધકર્તાઓને તેમની શોધોને રક્ષણ આપવા માટેનું બૌદ્ધિક સંપત્તિનું એક મહત્વપૂર્ણ સાધન છે. આ એકમમાં પેટન્ટ શું છે? તે કેવી રીતે કામ કરે છે? અને શોધકર્તાઓના અધિકારોને રક્ષણ આપવા માટે કાયદાકીય માળખા વિશેની વિગતવાર માહિતી મળશે.

બીજા એકમમાં કોપી રાઈટનું વર્ણન કરેલ છે. કોપી રાઈટ એ સર્જકના કલાત્મક અને સાહિત્યિક સર્જનોને રક્ષણ આપવાનું કાનૂની માધ્યમ છે. આ એકમમાં કોપી રાઈટના મૂળભૂત સિદ્ધાંતો અને તેનાથી સર્જકના અધિકારોનું રક્ષણ કેવી રીતે થાય છે? તે સમજશું.

ત્રીજા એકમાં સેમીકન્ડક્ટર અને ઇન્ટીગ્રેટેડ સર્કિટની ચર્ચા કરેલ છે. સેમીકન્ડક્ટર અને ઇન્ટીગ્રેટેડ સર્કિટ્સની દુનિયામાં બૌદ્ધિક સંપત્તિના અધિકારોનું વિશિષ્ટ મહત્વ છે. આ ક્ષેત્રના બૌદ્ધિક સંપત્તિના મુદ્દાઓ અને તેમના કાયદાકીય પાસાઓ પર ધ્યાન આપવાનો પ્રયત્ન કરેલ છે.

ચોથા એકમમાં છોડની જાતો અને છોડનું સંવર્ધનનો સમાવેશ કરેલ છે. કૃષિ અને પ્રાકૃતિક સંસાધનોમાં બૌદ્ધિક સંપત્તિનું મહત્વ વધ્યું છે. આ એકમમાં છોડની જાતો અને તેમના સંવર્ધન માટેના અધિકારો, તેમજ આ ક્ષેત્રમાં બૌદ્ધિક સંપત્તિના રક્ષણના મહત્વની ચર્ચા કરી શકશો.

વિદ્યાર્થીમિત્રો, પાંચમા એકમમાં તુલનાત્મક અભ્યાસ આપેલ છે. બૌદ્ધિક સંપત્તિના વિવિધ પાસાંઓને સમજવા માટે તુલનાત્મક અભ્યાસ એક અસરકારક રીત છે. જેમાં, આપણે વિવિધ દેશોના બૌદ્ધિક સંપત્તિ સંબંધિત કાયદાઓ વચ્ચેના તફાવતો અને સમાનતાઓનું વિશ્લેષણ કરીશું.

એકમ 1

# પેટન્ટ

-: રૂપરેખા :-


1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2. અર્થ, વ્યાખ્યા અને શોધ

1.2.1 પેટન્ટ : અર્થ

1.2.2 પેટન્ટની વ્યાખ્યા

1.2.3 પેટન્ટ અંતર્ગત શોધ

1.3 પેટન્ટ યોગ્યતા-ધોરણો

1.4 બિન પેટન્ટેબલ શોધ

1.5 પેટન્ટની મુદત (સમય મર્યાદા)

1.6 પેટન્ટ નામાભિધાન

1.7 પેટન્ટ માટે કોણ અરજી કરી શકે

1.8 હક્ક અધિકાર આપવા

1.9 તમારી પ્રગતિ ચકાસો

1.10 સારાંશ

1.11 ચાવીરૂપ શબ્દો

1.12 સંદર્ભ સૂચિ


## 1.0 ઉદ્દેશો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- આ એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ બૌદ્ધિક સંપદા અંતર્ગતના પેટન્ટ અંગે મળતા હકકો અને અધિકારો અગે વિસ્તૃત રીતે સમજી શકશે.
- આ એકમના અભ્યાસથી પેટન્ટનો અર્થ, પેટન્ટ અંગેની જદી-જુદી વ્યાખ્યાઓ અને પેટન્ટ શોધ કોને કહી શકાય તે અંગેની વિગતવાર સમજૂતી વિદ્યાર્થીઓને પેટન્ટ સંદર્ભે ઉપસ્થિત થતા પ્રશ્નોના નિરાકરણ લાવવામાં મદદરૂપ બનશે.
- આ એકમમાં પેટન્ટ અંગેની સમજૂતી માટે કોને પેટન્ટ કહી ન શકાય અને કઈ શોધને પેટન્ટની માન્યતા મળી શકે નહી તે અંગેનો વિસ્તૃત અહેવાલ આપ્યો છે જે વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન આપશે.
- આ એકમ સ્પષ્ટપણે પેટન્ટી, પેટન્ટ અભિકર્તા, પેટન્ટ ધારક વિશેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે જે અભ્યાસકર્તાઓના જ્ઞાનમાં વધારો કરશે.

- આ એકમમાં પેટન્ટ મેળવવા માટે કોણ અરજી કરી શકે, અને કોણ ન કરી શકે તે અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે જે અભ્યાસકર્તાઓને પેટન્ટ વિશેની ઊંડી સમજણ આપશે.
- આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને પેટન્ટનું દેશના વિકાસમાં મહત્ત્વ અને આંતરરાષ્ટ્રીય સ્તરે હકક અને અધિકાર કેવા મળે છે તે અંગેની માહિતી મળી રહેશે.

## 1.1 પ્રસ્તાવના :

આધુનિક સમયમાં માનવી દ્વારા વિવિધ સ્તરે અનેક સંશોધનો હાથ ધરાયા છે. માનવીના ઉત્ક્રાંતિવાદ કાળથી લઈને વર્તમાન કાળ દરમિયાન મનુષ્યએ જે સિદ્ધિઓ મેળવી છે તે બીજા કોઈપણ વર્ગ દ્વારા શકય બની નથી. માનવી પોતાના બુદ્ધિ કોશલ્યથી વિવિધ પ્રયોગો હાથ ધરી નવીનતમ સંશોધનોમાં સફળતા મેળવતો ગયો અને હાલના સમયમાં માનવી અન્ય પ્રજાતિથી અનેકગણો આગળ વધી ગયો છે. આજનો માનવી બ્રહમાંડમાં આવેલા અન્ય ગ્રહો સુધી પહોંચતો થયો છે, જેના પરથી એમ કહી શકાય કે, કુદરતે આપેલ વિશિષ્ટ બુદ્ધિ કૌશલ્યને કારણે જ વિવિધ સ્તરે સફળતા મેળવતો થયો છે. માનવીએ જુદા-જુદા સ્તરોએ જવલંત સફળતાઓ મેળવી છે પરંતુ તેનો શ્રેય સમગ્ર માનવ જાતને આપવા કરતાં અમુક પ્રતિભાવંત લોકોને આપવી વધારે યોગ્ય ગણાશે. સંશોધનો ક્ષેત્રે મેળવેલી સફળતા અમુક વિશિષ્ટ બૌદ્ધિક પ્રતિભાઓને આભારી છે.

માનવી બુદ્ધિશાળી પ્રાણી છે. બુદ્ધિ બે પ્રકારની છે. સદ્‌બુદ્ધિ અને દુર્બુદ્ધિ. દુર્બુદ્ધિવાળા માણસો સમાજને આપતિરૂપ અને અકલ્યાણકારી કાર્યો કરી વેરવિખેર કરતાં જોવા મળે છે. જયારે સદબુદ્ધિવાળા માનવી હંમેશાં દીર્ઘ દ્રષ્ટિથી સમાજ માટે કલ્યાણકારી કાર્યો કરી સમાજનો ઉદ્ધાર કરતાં હોય છે. સારા વૈજ્ઞાનિકો, સાહિત્યકારો કે કલાકારોએ પોતપોતાના વિશિષ્ટ ક્ષેત્રોમાં આવી સદ્‌બુદ્ધિથી જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી તે તેમણે માનવ જાતના વારસામાં સોંપી તેથી આ બૌદ્ધિક સંપત્તિની સુરક્ષા માનવ સમાજ કરે, તે તેની ફરજ છે.

આધુનિક સમયમાં ખાસ કરીને ૨૦મી સદીના છેલ્લા ચાલીસ-પચાસ વર્ષમાં બૌદ્ધિક સંપત્તિ નામની ભાવવાચક અધિકારોને સંપત્તિ સ્વરૂપ આપવામાં આવેલ છે. આજના આ યુગ પહેલા પણ વર્ષોથી માનવ સમાજમાં અનેક બુદ્ધિવાળા માનવીઓ યાને લોકો થયા છે. સમાજે આવા બુદ્ધિશાળી માનવોના પ્રયત્નોથી યંત્રો, સાધનો કે અતિ આધુનિક ટેકનીક વાળી વસ્તુ ઓ બનાવી છે. અને આવા બુદ્ધિશાળી માનવીના આવા ઉતમ પ્રયત્નોથી પ્રગતિ સાધી શકાય છે. આજે તાર, ટેલીફોન, મોબાઈલ, વીજળી, રેલવે, વિવિધ કાર એન્જિનો વગેરેએ માનવ બુદ્ધિ તેમજ સંશોધનોને કારણે આ જગતને પ્રાપ્ત થયેલા છે. જે વિતેલા વર્ષોમાં આવા જે જે સંશોધનો થાય અને જે આજના વિશ્વની આધુનિકતાના પાયા છે. તેમા મહાન બુદ્ધિશાળી સંશોધકોએ આ પોતાની બુદ્ધિથી ઉત્પન્ન થયેલ માનવ સમાજને પ્રગતિના સાધનોની પોતાની બૌદ્ધિક સંપત્તિ ન ગણતા માનવ સમાજને વિનામૂલ્યે એટલે કે કોઈપણ જાતના અવેજ વગર અર્પણ કરી દીધેલ છે. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર કે વિદ્યુતના ક્ષેત્રના આવા અનેક જાણીતા કે અજાણ્યા સંશોધકોએ પોતાની અંગત સંપત્તિ ન ગણતા માનવ જાતના લોકકલ્યાણર્થે સમાજને સુપ્રત કરી છે.

બુદ્ધિના શ્રેષ્ઠતમ ઉપયોગના કારણે સર્જાયેલા સંશોધનને નિઃસ્વાર્થભાવે સજજન માનવીએ સમાજને સપ્રત કરી પરંત દુર્જન માનવીઓએ તેનો દુરપયોગ કરીને તેમાંથી નાણાં કમાવા, પોતાની શોધ બતાવી, વિશિષ્ટ લાભો મેળવીને સમાજને આવી અમૂલ્ય બૌદ્ધિક સંપત્તિના રક્ષણ માટેનો આવશ્યક પગલા લેવા માટેની પરિસ્થિતિ ઊભી કરી હતી. જેના કારણે સમગ્ર

વિશ્વમાં બૌદ્ધિક સંપદાને લગતા કાયદાનં અસ્તિત્વ આવ્યું છે. આ બૌદ્ધિક સંપદામાં પેટન્ટ, કોપીરાઈટ, ટ્રેડમાર્ક, ડિઝાઈન, ભૌગોલિક સંકેતો વગેરે બાબતોનો સમાવેશ કરાયો અને આવી વિશિષ્ટ પ્રતિભા ધરાવતા લોકો કે તેની કૃતિને આરક્ષિત કરવામાં આવી છે. વિશ્વના દરેક દેશમાં આવા પ્રકારના કાયદાનો અસ્તિત્વ રહેલ છે. જે બૌદ્ધિક સંપદાનું રક્ષણ કરે છે અને જે દેશો વિશિષ્ટ કરારથી સંધિ દ્વારા જોડાયેલા છે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આવા પ્રતિભાવંત લોકોની કૃતિનું રક્ષણ કરવા વૈશ્વિક સ્તરે પણ અબાધિત અધિકારો આપી રહયા છે. આ બૌદ્ધિક સંપદામાં જ સમાવિષ્ટ એવા પેટન્ટનો અધિકાર પણ વિશિષ્ટ છે જે નવીનતમ શોધ કરનારને ખાસ પ્રકારના હકક અને અધિકાર આપે છે. ભારતમાં પેટન્ટ સંબંધિત કાયદો ઈ.સ. ૧૮૫૬ બ્રિટીશ સામ્રાજય સમયથી કાર્યરત છે જેમાં સમયાંતરે સુધારાઓ ૧૮૫૯, ૧૮૭૨, ૧૮૮૩, ૧૮૮૮, ૧૯૧૧ સુધી કરાયા હતા. ત્યાર બાદના સમયમાં ઈ.સ.૧૯૭૦માં સંસદના ખાસ સત્રમાં ધી પેટન્ટ એકટ-૧૯૭૦ અમલી બન્યો જેમાં ૧૯૯૯, ૨૦૦૨ અને ૨૦૦૫માં સુધારા કરવામાં આવ્યા છે. પેટન્ટ અંગેની વિસ્તૃત માહિતી હવે પછીના એકમમાં સમજીશું...

## 1.2. અર્થ, વ્યાખ્યા અને શોધ :

### 1.1.1 પેટન્ટ અર્થ :

પેટન્ટનો અર્થ એકદમ સરળ ભાષામાં ઔદ્યોગિક મિલકતની શોધ એટલે કે, મશીન અથવા ઉત્પાદકની પ્રક્રિયાના સંબંધમાં શોધનું રક્ષણ કરવા માટે આપવામાં આવતો અબાધિત અધિકાર તેમ કહી શકાય છે. પેટન્ટએ પોતાની શોધ ઉપર આધારિત રચનામાંથી કામ માટેના બદલા તરકે મર્યાદિત મુદત માટે પેટન્ટ ધરાવનારને આપેલ એકમાત્ર હકક છે. રચનાત્મક મિલકતનો મોભો આપે છે. જે બીજી કોઈપણ ચીજવસ્તુની માફક તેની ખરીદી, વેચી, લાયસન્સ પર અથવા ભાડે આપી શકે છે. પેટન્ટના સ્થળ પાછળનો સિદ્ધાંત એવો છે કે, ચાલત ઉપભોક્તા, ચાંચિયાગીરી અથવા કોપી કરવાથી બચી શકે નહી તો તેને પ્રોત્સાહન મળશે નહી.

પેટન્ટ એ સામાનન્ય રીતે કહીએ તો તે સરકાર તરફથી આપવામાં આવે છે જેના માટે પેટન્ટ આપવામાં આવેલ હોય તે શોધ કરવા, વેંચવા અને વાપરવાની એકમાત્ર વિશેષાધિકાર મર્યાદિત સમય માટે જેને આપવામાં આવેલ હોય તેને મળે છે. અને બીજાને તેમ કરવા અધિકાર આપતો હોય છે. ઔદ્યોગિક ઉપયોગ કરી શકાય તેવી નવી શોધને જ પેટન્ટ હકક આપવામાં આવે છે. સંબંધિત અધિકારીએ યોગ્ય રીતે સીલ કરેલ, સહી કરેલ ઠરાવેલ નમૂનામાંનો દસ્તાવેજ પેટન્ટ તરીકે ઓળખાય છે. પેટન્ટ હકક એ મિલકત હકક છે, જે ખરીદી, વેંચી, ભાડે આપવા, લાયસન્સ પર આપી શકાય છે. શોધક શોધ કરવા માટે તેનું કૌશલ્ય વાપરે છે, અને બુદ્ધિ વાપરે છે તેની મજૂરીનું ઉત્પાદન એ શોધ છે.

પેટન્ટ શોધથી સમાજના ઘણા પ્રશ્નોનું નિવારણ કરવાનો સંભવ છે. તેથી સરકાર એ જોવા આતર છે કે લોકોની જરૂરિયાતો પુરી કરવા માટે દેશમાં વધુમાં વધુ શોધોનું કામ થાય તેમ છતાં શોધકને કોપીરાઈટ અને ગેરવ્યાજબી પ્રથાથી રક્ષણની બાહેંધરી આપવામાં આવે તે સિવાય તે પોતાની શોધ જાહેર કરવાનો ઈન્કાર કરશે નહી.જેથી એમ કહી શકાય કે પેટન્ટ નવી અને સસ્તી વસ્તુઓ લોકોને મળે તેમાં મદદ કરે છે. શોધની પુરેપરી વિગતો લોકોને મળી શકતી હોવાથી બીજી વધુ શોધ માટે તેમને પ્રોત્સાહન મળે છે. પેટન્ટની મુદત પરી થયા પછી કોઈપણ પ્રકારની કાનૂની અડચણ વગર સામાન્ય લોકોને શોધ મળી શકે છે. તેથી ટૅક્નોલોજીને સહેલાઈથી તબદિલી તરફ દોરી જાય છે.

પેટન્ટ એ વિશિષ્ટ અધિકાર છે જે પોતાની મૌલિક ઔદ્યોગિક શોધ જાહેર કરવાના

બદલામાં સંશોધકને કાયદા અન્વયે તે શોધનો ઉપયોગ કરવા માટે અપાતો ઈજારો છે ઔદ્યોગિક ઉપયોગમાં એવી જ નવીન શોધની બાબતમાં પેટન્ટ આપવામાં આવે છે. પેટન્ટ આપવાનો ઉદ્દેશ નવી ઔદ્યોગિક પ્રક્રિયાને ઉત્તેજન આપવાનો અને ઔદ્યોગિક વિકાસ સાધવાનો છે. સંશોધકને સંશોધન માટે પેટન્ટ આપવાથી બીજી વ્યકિતને પણ સંશોધન કરવાની પ્રેરણા મળે છે. વળી પેટન્ટને કારણે સંશોધક પોતાની શોધ ગપ્ત રાખવાને બદલે જાહેર કરે છે. અને સંશોધકને તે શોધ કરવા પાછળ થયેલું ખર્ચ પણ મળી જાય છે. આ શોધનો ઉપયોગ સંશોધક પોતે જ કરી શકતો હોવાના કારણે તે નવી શોધ માટે નવા ઉદ્યોગ માટે મૂડી પણ રોકવા પ્રેરાય છે. જેથી સમગ્ર દેશ અને વિશ્વના અથંતંત્રમાં ગતિ આવી શકે છે.

પેટન્ટ એ સરકાર શોધકને અને શોધક પાસેથી તેમના હકકો મેળવતા બીજી વ્યકિતને નકકી કરેલા વર્ષો માટે પેટન્ટવાળી રીતે અથવા પ્રક્રિયા બનાવતા, ઉપયોગ કરતા અથવા પેટન્ટવાળી વસ્તુ વેચતા અથવા તેનો ઉપયોગ કરતી બીજી વ્યકિતને તેમાંથી બાકાત રાખવા માટે વિશેષાધિકાર આપે છે. જે મુદત માટે પેટન્ટ આપેલ હોય તે મુદત પૂરી થયે પેટન્ટવાળી શોધ સામાન્ય લોકોને મળી શકે છે. પેટન્ટએ નવી શોધના માલિક અથવા તેના એસાઈની જેઓ મર્યાદિત સમય મર્યાદા માટે ઔદ્યોગિક ઉપયોગ કરવાની ક્ષમતા ધરાવતા હોય તેને કાનૂને આપેલો ઈજારો છે.

ભારતના પેટન્ટ અધિનિયમની કલમ-૪૦ મા જણાવ્યા પ્રમાણે પેટન્ટ કોઈપણ વસ્તુઓના પદાર્થ માટે હોય ત્યારે પેટન્ટ લેનારને ભારતમાં આવી વસ્તુ અથવા પદાર્થ બનાવવા ઉપયોગ કરવા, વાપરવા, વેચવા, અથવા વેચવા માટે પોતાને તેના એજન્ટને અથવા લાયસન્સદારને એકમાત્ર હકક મળે છે. અને પેટન્ટ કોઈ વસ્તુ અથવા પદાર્થ બનાવવાની રીત અથવા પ્રક્રિયા વાપરવા અથવા ચલાવવા પોતાને તેના એજન્ટને અથવા લાયસન્સદારને એકમાત્ર હકક મળે છે.

### 1.1.2 પેટન્ટની વ્યાખ્યા :

પેટન્ટ શબ્દ મૂળ લેટીન શબ્દ PATERE પરથી ઉતરી આવેલ છે. PATERE નો અર્થ TO OPEN ખુલ્લું કરવું એવો થાય છે. તે સમયે રાજા દ્વારા મંજૂર કરવામાં આવેલ અધિકારોના રેકર્ડ કે જે સમગ્ર માટે ખુલ્લો છે તે દશાવે છે. પેટન્ટ અંગે ભારતીય કાયદામાં કોઈપણ પ્રકારની ચોકકસ વ્યાખ્યા આપવામાં આવેલી નથી પરંતુ અન્ય વ્યાખ્યાઓ તેમજ સમજૂતીઓ અને પેટન્ટ આપવાની પ્રક્રિયા પરથી એક કહી શકાય છે કે, ઔદ્યોગિક ઉત્પાદન માટેની કોઈ નવી કળા, પદ્ધતિ કે પ્રક્રિયાની શોધ બદલ, કોઈ નવા યંત્ર, ઉપકરણ કે પદાર્થની શોધ બદલ અથવા ઉત્પાદન પ્રક્રિયાથી ઉપજાવેલ કોઈ નવા અને ઉપયોગી પદાર્થ બદલ આપવામાં આવતા પરવાના કે સનદને પેટન્ટ કહી શકાય છે. આ પેટન્ટ તુચ્છ ન હોવી જોઈએ, કાયદાની વિરુદ્ધ ન હોવી જોઈએ, જાહેર આરોગ્યને હાનિ પહોંચાડતી ન હોવી જોઈએ.ઉપરાંત જોઈ કોઈ શોધકાર વૈજ્ઞાનિક સિદ્ધાંતની શોધ કરે છે, કોઈ જ્ઞાત પદાર્થના નવા ગુણધર્મ કે ઉપયોગની શોધ કરે છે, તત્વોનું મિશ્રણ કરી ઉપજાવેલ વસ્તુ તેયાર કરે છે, કોઈ યાંત્રિક ઉપકરણની ફેરરચના કરે છે, પ્રક્રિયાની કસોટી કરવાની પદ્ધતિમાં ફેરફાર કરે છે. ખેતી કે બાગાયાતની કોઈ પદ્ધતિ વિકસાવે છે, તબીબી શસ્ત્રક્રિયા કે સારવારની પ્રકિયા લાવે છે, પ્રાણી કે વનસ્પતિને રોગમુકત કરવાનો ફોર્મ્યુલા લાવે છે, અણુશસ્ત્રો સંબંધિત શોધ લાવે છે તો આ બધી શોધોને પેટન્ટ તરીકે માન્યતા આપવામાં આવશે નહી.

કોઈપણ વસ્તુના શોધકને અમુક સમય સુધી તે નવી વુસ્ત બનાવવાનો કે તેને વેચવાનો

કે તેનો ઉપયોગ કરવાનો આપવામાં આવેલો અનન્ય અધિકાર કે ઈજારો એટલે પેટન્ટ. પેટન્ટ આપવાનો ઉદ્દેશ નવી ઔદ્યોગિક પ્રક્રિયાને ઉત્તેજન આપવાનો અને ઔદ્યોગિક વિકાસ સાધવાનો છે. સંશોધન માટે સંશોધકને પેટન્ટ આપવાથી તેના હિતોનું રક્ષણ થાય છે. જેથી સંશોધક પોતાની નવી શોધ જાહેર કરવા પ્રેરાય છે.

વાણિજય ક્ષેત્રે અપાયેલ વ્યાખ્યા મુજબ સનદથી (કાયદાથી) સુરક્ષિત કરેલી નવીન શોધ, યુકિત કે બનાવટને પેટન્ટ કહેવામાં આવે છે.

વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO)ને આપેલી વ્યાખ્યા અનુસાર પેટન્ટ એક આવિષ્કાર છે જે ઉત્પાદન અથવા પ્રક્રિયાને વિશેષ અધિકારો આપે છે,સામાન્ય રીતે કંઈક કરવાનો નવો માર્ગ દર્શાવે છે, અથવા કોઈ સમસ્યાનું નવું સમાધાન રજૂ કરે છે. પેટન્ટ મેળવવા માટે શોધકે શોધ વિશેની ફોર્મ્યુલા તેની અરજીમાં જાહેર કરવાની રહે છે.

જે વ્યકિતએ નવા અને મૌલિક પદાર્થની શોધ કરી હોય અથવા અસ્તિત્વ ધરાવતા પદાર્થ પર કોઈ સુધારો કરેલ હોય કે કોઈ પદાર્થ બનાવવા નવી પ્રક્રિયા શોધી હોય તેને રાજય તરફથી પેટન્ટ આપવામાં આવે છે. પેટન્ટ એ જે તે વસ્તુનો ઉપયોગ કરવાનો અબાધિત અધિકાર છે. પેટન્ટ એટલે શોધાયેલ રીત મુજબ કોઈ વસ્તુનું ઉત્પાદન કરવાનો અબાધિત અધિકાર, જે અમક નિશ્ચિત સમય માટે આપવામાં આવે છે, આવી સમય મર્યાદાપૂર્ણ થવાથી અધિકારો આપોઆપ રદ થયા ગણાશે. પેટન્ટ રજીસ્ટર્ડ કરાવનાર પેટન્ટનો માલિક પોતાની મિલકતનું વેંચાણ કરી શકે છે. તે લાયસન્સ પણ આપી શકે છે.

### 1.1.3 પેટન્ટ અંતર્ગત શોધ :

પેટન્ટની શોધ અંગે ચર્ચા કરવામાં આવે તો અગાઉ વ્યાખ્યામાં સ્પષ્ટ થયા મુજબ પેટન્ટ નવીન અને મૌલિક આવિષ્કારને પ્રાપ્ત થાય છે. પેટન્ટમાં નવી શોધ અંગે કાયદામાં સ્પષ્ટતા ક્યાં મુજબ એવી કોઈ શોધ કે ઔદ્યોગિક કારીગીરીને વ્યવહારમાં ઉપયોગી બનાવવાની પદ્ધતિ કે જે કોઈ દસ્તાવેજ દ્વારા પ્રકાશિત થવાની અપેક્ષા ન હોય અથવા દેશમાં અથવા તો દુનિયામાં બીજા કોઈપણ સ્થળે તેની પેટન્ટ મેળવનાર માટેની અરજી સંપૂર્ણ વિવરણ સાથે કરવામાં આવે તે તારીખ પહેલાં, ઉપયોગમાં ન લેવાતી હોય.

સંશોધનના પરિણામો સામાન્ય રીતે સંશોધિત સાધનો કે પદ્ધતિ કરતાં વધુ મહત્ત્વતા ધરાવે છે. કારણ કે, કેટલીકવાર સંશોધિત સાધનો કે પદ્ધતિમાંનો નજીવો ફેરફાર પરિણામમાં મોટા ફેરફાર લાવી શકે છે, પરિણામ બદલી પણ શકે છે. કોઈ યંત્ર જો કોઈ નવું જ પરિણામ આપતું હોય તે તેની પેટન્ટ આપી શકાય છે, અસ્તિત્વ ધરાવતા યંત્રની સામાન્ય ફેરફાર પણ પેટન્ટ આપવા માટે જવાબદાર બને છે. ઘણીવાર સંશોધકે તેયાર કરેલ સંશોધન દેખીતી રીતે નવું લાગતુ ન પણ હોય તેવા સમયે તેની પરીક્ષા લઈને પણ પેટન્ટ આપી શકાય છે. પેટન્ટના કાયદાથી સ્પષ્ટ એ બાબત પણ થાય છે કે, પેટન્ટ હંમેશાં લોકોપયોગી પણ હોવી જોઈએ. લોકોને નવીનતમ ટૅક્નોલોજીકલ ફોર્મ્યુલાથી શોધ થયેલ પેટન્ટ નિશ્ચિત અને વિશ્વાસપાત્ર પરિણામ આપતું હોવું જોઈએ.

પેટન્ટ તરીકેની નવી શોધને પ્રસ્થાપિત કરવા માટે પેટન્ટ ધારકે કોઈપણ શોધ પેટન્ટપાત્ર બને તે માટે શોધ ઉત્પાદનની નવી ઉપયોગી કળા, પ્રક્રિયા, રીત કે પદ્ધતિથી તેયાર થયેલ હોવું જોઈએ. શોધમાં નવું મશીન, સાધન કે અન્ય ચીજ હોવી જોઈએ. રોજિંદા ઉપયોગમાં લેવાતા પદાર્થોના મિશ્રણના ઉત્પાદનથી જૂની વસ્તુ કરતાં વધારે સારી, ઉપયોગી અને વધારે વ્યાવસાયિક ચીજનું ઉત્પાદન થતુ હોવું જોઈએ. પેટન્ટ મેળવવા પાછળની મુખ્યત્વે ચાર વિભાગની પરીક્ષા બાદ શોધ થઈ ગણવામાં આવે છે. જેમાં પેટન્ટથી નવી શોધ અને સંશોધનને ઉત્તેજન મળવા

આવશ્યક છે. શોધકને પેટન્ટ મળવાથી પોતાની શોધના પરિણામો સમાજને પ્રાપ્ત થતા હોવા જોઈએ અહી પેટન્ટ જાહેર થવી પણ અનિવાર્ય છે, ઉપરાંત પેટન્ટ ધારકને આ શોધ પાછળનું વળતર પણ મળવું જરૂરી છે, તેમજ શોધના કારણે ઉત્પાદનમાં પણ રોકાણ કરવાનું ઉત્તેજન મળવું આવશ્યક બાબત બની રહે છે.

## 1.3 પેટન્ટ માપદંડો-ધોરણો :

પેટન્ટ અધિનિયમ ૧૯૭૦ સ્પષ્ટપણે વ્યાખ્યાયિત નથી કરતો કે પેટન્ટ કોને કહેવી, આ અધિનિયમ માત્ર એવી સ્પષ્ટતા કરે છે કે, પેટન્ટનો અર્થ આ કાયદામાં આપવામાં આવેલી વ્યાખ્યાઓથી સ્પષ્ટ થતી નવીનતમ શોધને પેટન્ટ તરીકે સ્થાપિત કરવા જેથી સ્પષ્ટતા થતી નથી. સામાન્ય રીતે નવી શોધને સરકાર દ્વારા આપવામાં આવતી માન્યતાને પેટન્ટ તરીકે માન્યતા આપવામાં આવે છે.આ અંગે માનનીય સુપ્રિમ કોર્ટે પણ પ્રસાદ રાધેશ્યામ વિ. હિન્દુસ્તાન મેટલ ઈન્ડસ્ટ્રીઝના કેસમાં પણ સ્પષ્ટતા કરી હતી કે, વૈજ્ઞાનિક સંશોધન, નવી ટેકનીક અને ઔદ્યોગિક પ્રગતિને પ્રોત્સાહિત કરવા, નાણાકીય લાભ માટે શોધનો ઉપયોગ કરવા તેમજ વેંચવા માટે મર્યાદિત સમય માટે વિશિષ્ટ હક્કની મંજૂરી સામાન્ય જનતાને દેશ અને સમાજના હિતમાં આપવી જોઈએ. આ પેટન્ટ અમુક સમય પૂરતી જ એ એકહથ્થુ હોવાથી નવા સંશોધનોને પણ પ્રોત્સાહન મળી રહે છે. અહીં એક પેટન્ટ વિશેષાધિકાર અર્પિત કરતું હોવાથી એ બાબતનો પણ ખ્યાલ રાખવાનો રહેશે કે તે પેટન્ટ તેના એક પુરતુ જ મર્યાદિત ન રહી જાય જેથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પેટન્ટ માટેના માપદંડો-ધોરણો નકકી કરવામાં આવ્યા છે. આવા પ્રકારના માપદંડો દરેક દેશએ પોતાની સીમા પુરતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ વિશેષ સમજૂતીઓ કરીને નિર્ધારિત કર્યા છે.

ટ્રેડ રિલેટેડ એસ્પેક્ટસ ઓફ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (૧૧૨૧૦) : વિશ્વ વ્યાપાર સંગઠનનો સૌથી વિવાદાસ્પદ કરારમાંનો આ કરાર વિશ્વના જુદા-જુદા દેશમાં અમલી પેટન્ટ કાયદાથી પ્રાપ્ત થયેલ પેટન્ટ સામે મહત્ત્વપૂર્ણ સાબિત થયેલ કરાર છે. આ કરાર અંતર્ગત ટ્રિપ્સ(એ) સિસ્ટમ મુજબ પેટન્ટનં પરિક્ષણ કરવામાં આવે છે જેમાં જે-તે પેટેન્ટ ધારા ધોરણોથી ઉપરવટ હોય તો તેને પેટન્ટ તરીકે માન્યતા આપવામાં આવતી નથી. આ સંધિમાં ભારત પણ સામેલ હોવાથી ભારતે ૧૯૯૯ અને ૨૦૦૨ની સાલમાં ભારતના પેટન્ટ કાયદા-૧૯૭૦ માં નવું સંશોધન કરીને ટ્રિપ્સ સંધિ મુજબની પેટન્ટ માટેની સ્પષ્ટતા કરી છે. જેમાં ત્રણ બાબતોને મહત્ત્વ આપી પેટન્ટ આપવાનો સુધારો કરાયો છે, આ ત્રણ બાબતોમાં શોધ એટલે કે નવીનતમ આવિષ્કાર, ઉપયોગી અને કલાના સંદર્ભમાં કલા અંગેની શોધમાં માનસિક રીતે સજજ કળાને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ઉપરાંત પેટન્ટ અધિનિયમને ફૂડ પ્રોડકટ, મેડિસિન્સ વગેરેના સંબંધમાં ખરીદ વેચાણનો હકક મેળવી શકાય તે માટે અરજીઓ ફાઈલ કરવા વિદેશી કંપનીઓને છૂટ આપવા માટેનો પણ વટહુકમ ૧૯૯૯માં પાછલી અસરથી આપવામાં આવ્યો હતો. પેટન્ટ માટેની યોગ્યતાની સાથે સાથે જે સંશોધનની મૂળ નથી તે પેટન્ટ તરીકે સ્થાપિત થઈ શકતી નથી.સામાન્ય બાબતો, માત્ર સિદ્ધાંત, કોઈ અસ્તિત્વ ધરાવતી વસ્તુનો નવી રીતે ઉપયોગ, બે પદાર્થોનું મિશ્રણ, ફેર ગોઠવણી અને બાગાયત ખેતીની શોધોમાં પેટન્ટ મેળવી શકાતી નથી.

આંતરરાષ્ટ્રીય સ્તરે પેટન્ટ મેળવવા માટેની માપદંડો-ધોરણો : કોઈપણ વ્યકિતએ કોઈ વસ્તુ શોધી હોય અને તેને પેટન્ટ મેળવી હોય અને તે આવી વસ્તુ બીજા દેશોમાં પણ પોતાના અબાધિત અધિકાર મેળવવા માંગતો હોય ત્યારે અથવા તો આખા વિશ્વમાં આવો અધિકાર મેળવવા માંગતો હોય ત્યારે આંતરરાષ્ટ્રીય અથવા વેશ્વિક પેટન્ટ નોંધાવવાની જરૂરિયાત ઊભી થાય છે. અહી એ નોંધવુ આવશ્યક છે કે, આંતરરાષ્ટ્રીય પેટન્ટની નોંધણી માટે બંને દેશો કે

જુદા-જુદા દેશોએ ટ્રીટી સાઈન કરેલી હોવી અનિવાર્ય બાબત છે. બંને દેશો કે જુદા-જુદા દેશોની વેશ્વિક સંધિમાં સહીથી પેટન્ટ નોંધાવી શકય બની શકે છે. આ પેટન્ટ માટેના માપદંડો આંતરરાષ્ટ્રીય સંધિ મુજબના નવીનતમ, ઉપયોગી, આવિષ્કારિક બાબતોને સમાવિષ્ટ કરતા હોવા જોઈએ. યુરોપીયન દેશોમાં પેટન્ટ નોંધાવવા માટે યુરોપિયન કન્વેશન ૧૯૭૩ મુજબની સંધિ આવશ્યક છે જેના નિયમો મુજબ શોધએ શોધકની અંગત મિલકત ગણાય છે. આથી શોધના શોધકને શોધનો પૂરેપૂરો ઉપયોગ કરવામાંથી બીજાઓને બાકાત રાખવાનો અધિકાર હોવો જોઈએ. અહી પેટન્ટનો કાયદો આ સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. આ કાયદાનો સ્વીકાર ઘણા બધા રાષ્ટ્રોએ કરેલો છે. સંધિ કરનારા તમામ દેશોમાં પેટન્ટ ધારક શોધનો પૂરેપૂરો ઉપયોગ કરવાનો અને તે ઉપયોગ કરવામાંથી બીજાઓને બાકાત રાખવાનો અધિકાર મેળવી શકે છે.

## 1.4 બિન પેટન્ટેબલ શોધો :

ભારતીય પેટન્ટ કાયદો-૧૯૭૦ ના જણાવ્યા પ્રમાણે જે કોઈપણ નવી પ્રક્રિયા કે ઉત્પાદન આવશ્યક ચીજવસ્તુઓની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે નવીનતમ તૈયાર કરવામાં આવેલ શોધને પેટન્ટ તરીકે દરજ્જો આપવામાં આવે છે. આ એવી શોધો છે કે, જે સીધી જ જાહેર જનતાને કે નાગરિકોની જરૂરિયાતોને સ્પર્શતી નથી. માનવીનો વિકાસ જેમજેમ થતો ગયો અને ભૌતિક સગવડતાઓ વધતી ગઈ તેમ નવી નવી શોધો પણ થતી ગઈ અને પેટન્ટ મેળવવાની પ્રક્રિયા પણ દિન-પ્રતિદિન વધતી જાય છે. આવા સમયે માનવીને જીવન જીવવામાં પણ કોઈ વ્યકિતના ઈજારા નીચે ન જીવવુ પડે તે માટે અમુક પ્રક્રિયાઓ, ઉપયોગી સંશાધનો, ખેતીને લગતી પદ્ધતિઓ, પ્રાણીઓ પર થતા પ્રયોગો, અણુ શકિત સંબંધમાં આવેલી શોધો સહિતના ક્ષેત્રોને પેટન્ટ પાત્ર રાખવામાં આવેલા નથી. આ પ્રકારના વિષય વસ્તુઓમાં સમાવિષ્ટ શોધોને બિન પેટન્ટેબલ શોધો કહી શકાય છે.

ભારતીય પેટન્ટ કાયદો-૧૯૭૦ની કલમ-૩ માં સ્પષ્ટતાપૂર્વક જણાવવામાં આવ્યું છે કે, આ કાયદાની જોગવાઈ મુજબ નીચેની બાબતો સંશોધન (શોધ) ગણાતી નથી. જેથી તે માટે પેટન્ટ ન મળી શકે.

(1) એવું સંશોધન કે જે ક્ષુલ્લક (તુચ્છ) હોય તો તેને બિન પેટેન્ટેબલ શોધ કહેવાશે. જેમ કે, કોઈ સંશોધક એવી શોધ કરે જેનાથી સામાજિક વ્યવસ્થા વેરવિખેર બનતી હોય.

(2) એવું સંશોધન કે જે દેખીતી રીતે સ્થાપિત કુદરતી કાયદાના સિદ્ધાંતની વિરુદ્ધની કોઈ બાબત અંગે હકક દાવો કરતી હોય. એવો આવિષ્કાર જે મિથ્યા હોય જે બિન પેટેન્ટેબલ છે.

(3) જે સંશોધનનો ઉપયોગ કાયદાની કે નીતીનિયમોની વિરૂદ્ધ અથવા જાહેર આરોગ્યને હાનિકારક રીતે થવાની સંભાવના હોય. કોઈ વ્યકિત માનવી જાતને નુકસાનકર્તા વાયરસ બનાવીને પેટન્ટ માટે અરજી કરે તો તે પેટેન્ટેબલ નથી.

(4) કોઈ વૈજ્ઞાનિક સિદ્ધાંતની શોધ અથવા કોઈ તાત્ત્વિક સિદ્ધાંતની સ્થાપના કરતી શોધ કરે તો તે શોધ નથી.

(5) કોઈ જાણીતા પદાર્થના નવા ગુણધર્મ કે ઉપયોગની શોધ, જાણીતા પદાર્થના ફક્ત નવા સ્વરૂપની શોધ કે જે તે પદાર્થની જાણીતી કાર્યશકિતમાં વધારો ન કરતી હોય અથવા કોઈ નવી વસ્તુ અથવા કોઈ જાણીતા પદાર્થના નવા

ઉપયોગની શોધ અથવા જાણીતી પ્રક્રિયા, યંત્ર અથવા સાધનના નવા ઉપયોગની શોધ, સિવાય કે તે પ્રક્રિયાથી નવો પદાર્થ બનતો હોય અથવા એક નવો વિરોધી ગુણ બનતો હોય.

(6) કોઈ જાણીતી પ્રક્રિયા-પદ્ધતિ, યંત્ર કે સાધન માત્ર ઉપયોગની શોધઃ સિવાય કે આવી જાણીતી પ્રક્રિયાના ઉપયોગને કારણે નવુ જ ઉત્પાદન થાય અથવા તો તેમાં ઓછામાં ઓછું એક નવું પ્રતિક્રિયા ઘટન વપરાતું હોય.

(7) માત્ર તત્ત્વોનું મિશ્રણ કરી બનાવેલો નવો પદાર્થ જે માત્ર તેના ઘટકોના ગુણધર્મોના સરવાળાના પરિણામ અથવા પ્રક્રિયા બિન પેટેન્ટબલ છે.

(8) કોઈ ઉપકરણની સાધનની ગોઠવણીને અલગ જ રીતે રજૂ કરવામાં આવે તો તે બિન પેટેન્ટેબલ છે.

(9) ઉત્પાદન સમયે નવો પ્રયોગ કરવામાં આવે તે પણ બિન પેટેન્ટેબલ છે.

(10) કોઈ યંત્ર કે સાધનની કાર્યક્ષમતાને વધારવા કે ગુણવતાને સુધારવા માટે તૈયાર કરેલ મોડેલ બિન પેટેન્ટેબલ છે.

(11) ખેતી કે બાગાયતી કોઈપણ નવી પદ્ધતિને પેટેન્ટ મળવાપાત્ર નથી.

(12) માનવી પર થતી તબીબી શસ્ત્રક્રિયા કે અન્ય ટ્રીટમેન્ટ પેટેન્ટેબલ નથી.

(13) પ્રાણીઓ અને વનસ્પતિ પર થતાં પ્રયોગો પર પણ પેટન્ટ મળી શકાત નથી.

(14) અણુશકિત અધિનિયમ ૧૯૬૨ની જોગવાઈ મુજબ અણુને લગતી કોઈપણ શોધ પેટેન્ટેબલ નથી.

આમ કહી શકાય કે, પેટેન્ટ તે જ શોધને મળે છે જે નવી અને ઉપયોગી હોય.માનવીના હિતમાં ઉપર્યુકત બાબતોને લગતી શોધો બિન પેટેન્ટેબલ કહી શકાય છે.

## 1.5 પેટન્ટની મુદત (સમય મર્યાદા) :

પેટન્ટના અધિકાર અને તેના ઉપયોગ, તેના શોષણ એ બધો જ અપવર્જિત હક્ક છે, પરંતુ કાયમી નથી. મર્યાદિત છે. તેનો અર્થ એ થાય છે કે, જેમ અન્ય સંપત્તિનો માલિકી હકક વંશ વારસે અનંતકાળ સુધી ઊતરી આવે છે, તેવુ પેટન્ટ માટે નથી. અવધિ પૂરી થતા આ અધિકાર પેટન્ટ મેળવનારનો મટી તે સામાન્ય લોકોનો અધિકાર થઈ જાય છે, અને તેને કોઈપણ જાતના અવરોધ વિના લોકો વાપરી શકે છે.

ભારતીય પેટન્ટ ધારા ૧૯૭૦ની કલમ-૫૩ માં આપવામાં આવેલ જોગવાઈ અનુસાર જે કોઈપણ પદાર્થ ખોરાક તરીકે અથવા દવા કે ઔષધ તરીકે વાપરવા ધાર્યો હોય અથવા તો વાપરી શકાય તેમ હોય તેવા પદાર્થ બનાવવાની પદ્ધતિ કે પ્રક્રિયાનો હકક દાવો કરતી શોધ માટે પેટન્ટ, તે પેટન્ટ માટે સિકકો લગાવ્યાની તારીખથી પાંચ અથવા પેટન્ટની તારીખથી સાત વર્ષ, બેમાંથી જે મુદત ટૂંકી હોય ત્યાં સુધીની રહેશે.ખોરાક અથવા દવા કે ઔષધ સિવાયની બીજી કોઈપણ શોધ માટેની પેટન્ટની મુદત, પેટન્ટની તારીખથી ચૌદ વર્ષ સુધીની રહેશે. પેટન્ટ સહકાર સમજૂતી અન્વયેની ભારતમાં સ્થાપિત ઓફિસમાં આંતરરાષ્ટ્રીય પેટન્ટ મેળવવા કરેલી અરજીના અનુસંધાનમાં પેટન્ટની મુદત પેટન્ટ સહકાર સમજૂતી અન્વયેની આંતરરાષ્ટ્રીય અરજી કરવામાં આવેલ તારીખથી ૨૦ વર્ષની રહેશે.

કોઈપણ પેટન્ટ, તે પેટન્ટમાં અથવા આ કાયદામાં ગમે તે જોગવાઈ હોવા છતાં, તે

ફરીથી તાજું કરી આપવા માટેની ફી, નિયત મુદતની અંદર અથવા તે નિયામકને અરજી કરી મુદત વધારાયે હોય તો તે વધારેલી મુદતની અંદર ભરવામાં ન આવે તો, તે ફી ભરવા માટે નિયત કરી મુદત પૂરી થતાં, પેટન્ટનો અમલ બંધ થાય છે. આ રીતે પેટન્ટ બંધ થતાં પેટન્ટ ધારકના હકકોનો અમલ પણ બંધ થાય છે. બંધ પડેલા પેટન્ટો કાયદાની કલમ-૮૦ અને ૮૧ પ્રમાણેની પ્રક્રિયા દ્વારા ફરી ચાલુ કરાવી શકાય છે.

## 1.6 પેટન્ટ નામાભિધાન :

ભારતીય બૌદ્ધિક સંપદાની કચેરી દ્વારા વર્ષ ૨૦૧૫ના અંતમાં અસંખ્ય પ્રમાણમાં આવતી પેટન્ટ માટેની અરજીઓને ચાર ઝોનવાઈઝ સરળતાથી ગોઠવણ કરવા માટે પેટન્ટ નામકરણ કરવામાં આવ્યું છે જે અંતર્ગત ભારતમાં પેટન્ટ મેળવવા માટેના ચાર ઝોન દિલ્હી, મુંબઈ, કલકત્તા અને ચૈન્નઈને ક્રમાંક આપ્યા છે.ઉપરાંત જુદા જુદા પ્રકારના પેટેન્ટની અરજીઓને અલગ અલગ પાડવા માટે પણ કોડ જનરેટ કરાયો છે. જે અંતર્ગત દિલ્હી-૧, મુંબર-૨, કલકતા--૩ અને ચેન્નઈ-૪ નંબર આપવામાં આવ્યા છે. કોઈપણ વ્યકિત અરજી કરશે એટલે ૧૨ નંબરીંગ સિસ્ટમમાં અરજીનો નંબર આવશે. બે પરિશિષ્ટમાં દર્શાવેલા નોટિફિકેશન મુજબ સમાવેશ કરવામાં આવેલ છે.

## 1.7 પેટન્ટ માટે કોણ અરજી કરી શકે :

ભારતીય પેટન્ટ કાયદા-૧૯૭૦ ની કલમ ૬ મુજબ કોઈપણ સંશોધનનો સાચો અને પ્રથમ શોધક હોવાનો દાવો કરનાર કોઈપણ વ્યકિત પેટન્ટ મેળવવા માટે અરજી કરી શકે છે. કોઈ સંશોધનના સાચા અને પ્રથમ શોધક હોવાને કારણે પેટન્ટ મેળવવા માટે ની અરજી કરવાનો અધિકાર હોવાનો દાવો કરનાર વ્યકિતનો પ્રતિભાજનગ્રહિતા પણ અરજી કરી શકે છે. તેમજ પેટન્ટ મેળવવા માટેની અરજી કરવાને હકકદાર સંશોધક આવી અરજી કરતાં પહેલાં મૃત્યુ પામ્યો હોય તો તેના કાનૂની પ્રતિનિધિ પેટન્ટ મેળવવા માટે અરજી કરી શકે છે. આવી વ્યકિતઓ એકલા કે બીજા કોઈ સાથે સંયક્ત રીતે અરજી કરી શકે છે. જયારે સંશોધકના પ્રતિભાજનગ્રહિતા અંગે વિવાદ થાય ત નિયામક ક.૨૦(૯) મુજબની જોગવાઈને આધીન તેનો નિકાલ કરી શકશે. પ્રતિભાજન ગ્રહિતા એટલે ફક્ત આવકમાંના ગ્રહિતા નથી, પરંત સંશોધકના પેટન્ટમાં રહેલા હિત અને માલિકીના પ્રતિભાજનગ્રહિતા પણ અરજી કરી શકે છે. અહી એ સ્પષ્ટતા પણ અનિવાર્ય છે કે, ભાગીદારી પેઢી કે કંપનીને સંશોધક કહી શકાય નહીં.

## 1.8 હક્ક-અધિકાર આપવા

ભારતીય પેટન્ટ કાયદો-૧૯૭૦ મુજબ પેટન્ટ ધારકને વિશિષ્ટ અધિકારો પ્રાપ્ત થાય છે. જે ઘણીવાર એકમાત્ર પેટન્ટ ધરાવનાર વ્યકિત ધરાવે છે અને સહમાલિકોના સંજોગોમાં અન્ય ધારકો પણ સંયુક્ત રીતે ભોગવતા જોવા મળે છે. જયારે સંયુક્ત રીતે પેટન્ટ મેળવનારાઓ સહમાલિકો ગણાય અને વિરૂદ્ધ કબૂલાત ન હોય તો, તે દરેક વ્યકિતને પેટન્ટમાં સરખો અવિભાજિત હકક પ્રદાન થાય છે.

ભારતીય પેટન્ટ કાયદો-૧૯૭૦ ની કલમ-૪૭ મુજબ પેટન્ટ મંજૂર રાખવા માટે જણાવેલી શરતોને આધીન રહીને કાયદો અમલમાં આવ્યા પછી માન્ય રખાયેલા પેટન્ટના અભિકર્તાને અથવા લાયસન્સધારકને ભારતમાં તે પેટન્ટ પદાર્થ અથવા વસ્તુઓ બનાવવાનો, વાપરવાનો, ઉપયોગ કરવાનો, મુકવાનો-વેચવાનો અનન્ય હકક પ્રાપ્ત થાય છે.

ભારતીય પેટન્ટ કાયદો-૧૯૭૦ ની કલમ-૪૮માં આપેલ જોગવાઈ અનુસાર કાયદાના

આરંભ પહેલા અપાયેલા પેટન્ટથી, પેટન્ટ ધારકને પોતાને, તેના અભિકર્તાઓને અથવા પરવાનેદારોને જે તે શોધ બનાવવાનો, વાપરવાનો, ઉપભોગ કરવાનો, વેચવાનો અનન્ય હકક--અધિકાર મળે છે.

ભારતીય પેટન્ટ કાયદો-૧૯૭૦ ની કલમ-૪૯ મુજબ વિદેશના વાહન ભારતમાં આવેલ હોય ત્યારે ખરી જરૂરિયાતના સમયે પેટન્ટનો ઉપયોગ કરી વાહનને ઉપયોગમાં લીધા હોય તો પેટન્ટના હકકનો ભંગ થતો નથી.

પેટન્ટના સહમાલિકોને પ્રાપ્ત થતા અધિકારો અંગે કલમ-૫૦ માં જણાવાયું છે કે, જયારે વિરુદ્ધનો કોઈ કરાર અસ્તિત્વમાં ન હોય તો, દરેક સહમાલિક પેટન્ટમાં સરખો અવિભાજિત હિસ્સા મેળવવા હક્કદાર છે. ઉપરાંત કલમ-૫૦ અને ૫૧ ની જોગવાઈને આધીન રહીને જયારે બે કે વધુ વ્યકિતઓને પેટન્ટ લેનાર તરીકે કે પેટન્ટના માલિક તરીકે રજીસ્ટર કરવામાં આવી હોય ત્યારે તેમાંથી કોઈ એક વ્યકિત, બીજી વ્યકિત અથવા વ્યકિતઓની સંમતિ વિના, પેટન્ટ હેઠળનો પરવાનો આપી શકે નહી અને હકકનું પ્રતિભાજન કરી શકે નહી. પેટન્ટ ધારકની મૂળ શોધમાં સુધારો કરતી કે ફેરફાર કરતી શોધ માટે પણ વધારાની પેટન્ટ માંગી શકે છે. પેટન્ટ રદ કરાવા માટે વડી અદાલત સમક્ષ ચાલતી કાર્યવાહીમાં સંપૂર્ણ વિવરણ સુધારો કરી શકે છે. બંધ પડેલ પેટન્ટને ફરીથી ચાલુ કરવા અરજી કરી શકે છે. આમ જુદા જુદા હકકો અને અધિકારો પેટન્ટ ધારકોને પ્રાપ્ત થાય છે.

## 1.9 તમારી પ્રગતિ તપાસો :

**વિસ્તારથી પ્રશ્નનો ઉતર આપો.**

(1) પેટન્ટ કોને ન મળી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) પેટન્ટ મેળવવા કોણ અરજી કરી શકે તે અંગે સવિસ્તાર ચર્ચો

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) પેટન્ટધારકના હકક અને અધિકારો અંગે જણાવો.

.....................................................................

.....................................................................

........................................................................

........................................................................

........................................................................

(4) પેટન્ટ એટલે શુ ? પેટન્ટનો અર્થ સ્પષ્ટ કરી વિભાવના ચર્ચો

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(5) પેટન્ટ સંદર્ભે શોધ એટલે શુ સવિસ્તારથી ચર્ચો

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(6) પેટન્ટ મેળવવા માટેના માપદંડોની વિગતવાર ચર્ચા કરો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

**ટૂંકમાં જવાબ આપો**

(1) પેટન્ટની ભારતમાં અરજી ક્યા કરી શકાય જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(2) પેટન્ટની સમયમર્યાદા વિશે જણાવો.

........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(3) પેટન્ટની વ્યાખ્યા આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(4) આંતરરાષ્ટ્રીય પેટન્ટ અંગેના માપદંડો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(5) ટ્રિપ્સ સંધિ વિષે જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

❖ **બહુ વિલ્પિય પ્રશ્નો :**

(1) પેટન્ટ મેળવવા આવશ્યક ................. છે.

(1) નવી શોધ (2) પરવાનગી

(3) નવી અને ઉપયોગી શોધ (4) આમાંથી કોઈપણ નહીં.

(2) પેટન્ટની મદત કેટલા વર્ષની હોય છે.

(1) 10 વર્ષ (2) 15 વર્ષ

(3) 5 વર્ષ (4) 20 વર્ષ

(3) ભારતીય પેટન્ટ કાયદાની કઈ કલમ મુજબ પેટન્ટ અંગેના હકકો પ્રાપ્ત થાય છે.

(1) કલમ-47 (2) કલમ-48

(3) કલમ-41 (4) કલમ-51

(4) ભારતમાં પેટન્ટ મેળવવા કેટલા ઝોન અસ્તિત્વ ધરાવે છે.

(1) 10 (2) 20

(3) 25 (4) 04

(5) ભારતમાં પેટન્ટ મેળવવા કોણ અરજી કરી શકે ?

(1) કોઈપણ (2) પ્રથમ શોધનો દાવો કરનાર

(3) પેટન્ટનો હકક મેળવનાર (4) દેશની સરકાર

(6) પેટન્ટ રજીસ્ટર્ડ કરાવનાર પેટન્ટને વેંચી શકે ?

(1) હા (2) ના

(3) વેંચી શકે પણ સરકારની મંજૂરીથી (4) પેટન્ટનુ હસ્તાંતરણ કરીને

(7) નીચેનામાંથી બિન પેટન્ટેબલ શોધ કઈ છે ?

(1) નવું ઔદ્યોગિક ઓઝાર (2) નવીનતમ પડિયા

(3) માનવ શરીર પર થતી નવી શસ્ત્રક્રિયા (4) આમાંથી કોઈ નહી.

(8) કોઈપણને પેટન્ટ આપવાથી .................... વધશે.

(1) શોધને પ્રમાણ (2) નકલ પ્રમાણ

(3) નફાખોરી (4) આમાંથી એકપણ નહીં.

(9) TRIPS સંધિથી ભારતના પેટન્ટ કાયદામાં કઈ સાલમાં સુધારો કરાયો ?

(1) 1999-2002 (2) 2005

(3) 1970 (4) 1970-1988

(10) WIPO એ શું છે ?

(1) સંગઠન (2) સંસ્થા

(3) સંધિ (4) કરાર

**જવાબો :**

પ્રશ્ન-1 : (3), પ્રશ્ન - 2 : (4), પ્રશ્ન - 3 : (1), પ્રશ્ન - 4 : (4), પ્રશ્ન - 5 : (2),

પ્રશ્ન - 6 : (1), પ્રશ્ન - 7 : (3), પ્રશ્ન - 8 : (1), પ્રશ્ન -9 : (1), પ્રશ્ન - 10 : (1)

## 1.10 સારાંશ :

પેટન્ટ એ બૌદ્ધિક સંપદાને રક્ષણ આપતો અધિકાર છે જેને ભારતમાં કાયદાથી રક્ષણ આપીને શ્રેષ્ઠ તક આપવામાં આવી છે. કોઈપણ દેશના વિકાસમાં ઔદ્યોગિક એ કમ અતિ મહત્ત્વપૂર્ણ હોય છે. પેટન્ટ ઔદ્યોગિક એકમોને નવસર્જન ટેક્નોલોજીનું પ્રદાન કરીને ઝડપ આપે છે. જાપાન જેવા દેશની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહાસતા બનવાની પ્રગતિ બૌદ્ધિક સંપદાના મહત્ત્વને સમજાવતા શ્રેષ્ઠ ઉદાહરણ છે. ભારતમાં પેટન્ટ મેળવવાની એકદમ સરળ રીતે છે. ભારતીય સરકાર પણ વર્તમાન સમયમાં બૌદ્ધિક સંપદાને પ્રોત્સાહન આપી રહી છે.

ટેકોનોલોજીનો ઉપયોગ કરીને સરકાર ઝડપી પેટન્ટ આપવાનો પણ પ્રયાસ કરી રહી જેથી પેટન્ટ એ બૌદ્ધિક સંપદાની સાથે સાથે કોઈપણ દેશના વિકાસમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## 1.11 ચાવીરૂપ શબ્દો

- **સદબુદ્ધિ :** બુદ્ધિનો સદઉપયોગ
- **બૌદ્ધિક સંપદા :** બુદ્ધિથી તેયાર થયેલ સંપત્તિ
- **પ્રતિભાજન ગ્રહિતા :** કાયદેસર પ્રતિનિધિ
- **PATERE :** ખુલ્લુ કરવુ
- **WIPO** : વિશ્વ બૌદ્ધિક સંપત્તિને લગતી સંસ્થા
- **TRIPS** : વિશ્વ વ્યાપાર સંગઠને નોંધાયેલા સભ્ય દેશો સાથે કરેલો વિશિષ્ટ કરાર
- **PATENT** : ઔદ્યોગિક ક્ષેત્રે નવીનતમ શોધ

## 1.12 સંદર્ભ સૂચિ :

(1) ઈન્ડિયન પેટન્ટ લો એન્ડ પ્રેક્ટીસ, કે.સી. કાંકાનાલા, ઓક્સફોર્ડ ઈન્ડિયા પેપરબેક્સ.

(2) WWW.IPINDIA.NIC.IN

(3) WWW.GU.M.WIKIPEDIA.ORG

(4) WORD INTELLECTUAL PROPERTY ORGANIZATION WEBSITE

(5) વી.કે.આહુજા, ઈન્ટેલેક્ચ્યલ પ્રોપર્ટી રાઈટ ઈન ઈન્ડિયા, ન્ય દિલ્હી, લેક્સીસનેક્ષિસ, 2012

(6) બૌદ્ધિક સંપદાનો કાયદો, સી.જમનાદાસ એન્ડ કંપની, અમદાવાદ, ચોથી આવૃત્તિ

***********************

એકમ 2

# કોપી રાઈટ

-: રૂપરેખા :-


2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2. અર્થ અને વ્યાખ્યા

  2.2.1 કોપીરાઈટનો અર્થ

  2.2.2 કોપીરાઈટની વ્યાખ્યાઓ

2.3 કોપી રાઈટ પર આધારિત કાર્યો

2.4 કોપી રાઈટની શરતો-મુદત

2.5 કોપી રાઈટ અને તેને લગતા અધિકારો

2.6 કોપીરાઈટ મેળવવા માટે કોણ અરજી કરી શકે

2.7 કોપીરાઈટનું માલિકીપણું અને અધિકાર

  2.7.1 કોપીરાઈટનું માલિકીપણું

  2.7.2 કોપીરાઈટના અધિકારો

2.8 સારાંશ

2.9 તમારી પ્રગતિ ચકાસો

2.10 ચાવીરૂપ શબ્દો

2.11 સંદર્ભ સૂચિ


## 2.0 ઉદ્દેશો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- આ એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ બૌદ્ધિક સંપદા અંતર્ગતના કોપીરાઈટ અંગે મળતા હક્કો અને અધિકારો અંગે વિસ્તૃત રીતે સમજી શકશે.
- આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ કોપીરાઈટ કોને કહી શકાય, કોપીરાઈટમાં સમાવિષ્ટ જુદી-જુદી માનવીની કળાઓ વિષેની વિગતવાર સમજૂતી વિદ્યાર્થીઓ મેળવી શકશે.
- આ એકમમાં કોપીરાઈટ મેળવ્યા બાદ કોપીરાઈટ ધારકને મળતા અધિકારો, કોપી રાઈટ મેળવ્યા બાદ કેવા પ્રકારની શરતોનું પાલન કરવો આવશ્યક છે તે અંગેની સમજૂતી આપવામાં આવી છે જે વિદ્યાર્થીઓને કોપીરાઈટ અંગેના ઉંડા અભ્યાસ માટે ફાયદારૂપ બનશે.
- આ એકમ સ્પષ્ટપણે કોપીરાઈટ કોને મળી શકે, કોપીરાઈટ મેળવવા માટે અરજી

કોણ કરી શકે, કોપીરાઈટનું માલિકીપણા વિશે સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરાયો છે જે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે મદદરૂપ થશે.

- આ એકમમાં કોપીરાઈટ મેળવવા માટે ભારતમાં કેવા પ્રકારની કાયદાકીય જોગવાઈ અમલી છે તેની માહિતી આપી છે જેથી વિદ્યાર્થીઓ કાયદાકીય ગુચવણો અંગે પણ માહિતગાર બનશે.
- આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને કોપીરાઈટના આવશ્યક તત્ત્વો અંગે માહિતી આપી છે જેનાથી કોપીરાઈટનો ઉંડો અભ્યાસ વિદ્યાર્થીઓ કરી શકશે.

## 2.1 પ્રસ્તાવના :

વિશ્વમાં કોઈપણ પ્રદેશમાં રહેતા લોકો કે સમૂહ દ્વારા પોતાની વિશિષ્ટ પ્રતિભા જેવી કે, કોઈપણ કળાને લગતું કાર્ય, જે તેના સર્જકના ખ્યાલના આધારે સર્જન પામ્યુ હોય તે તમામ પરિણામલક્ષી ફળના માલિક જે તે સર્જક ગણાય છે. આથી આ સર્જનને જે તે સર્જકની મિલકત માનીને, તે મિલકત રક્ષણ માટે આપવામાં આવતો કાયદાકીય અધિકાર એટલે કોપીરાઈટ. કોપીરાઈટને સરકાર દ્વારા કાનૂની માન્યતા આપવામાં આવી હોય છે. સરકાર દ્વારા આપવામાં આવેલા કાનૂની અધિકારની રૂએ કોપીરાઈટ ધરાવનાર વ્યકિત કે સમૂહ દ્વારા તેની મૌલિક માહિતી, કલ્પના કે વિચારને કેવી રીતે, કોને, કેટલા પ્રકારે અને કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવાની સંમતિ આપવા, ન આપવાનો હકક હોવો તે પણ કોપીરાઈટનો જ એક ભાગ છે. આ અધિકારમાં કોઈપણ પ્રોડકટ મટિરિયલ્સની નકલ કરવી, જાહેર વિતરણ કરવું, તેની આંશિક કે પૂર્ણ અનરૂપ નવેસરથી રચના કરવી, તેના પર આધિકાર કે મળતું આવતું સર્જન કરવું, તેને જાહેરમાં મુકવું, પ્રકાશિત કરવું, ભજવવીં વગેરે હકકોનો સમાવેશ કરી શકાય છે.

કોપીરાઈટને એકદમ સરળ ભાષામાં સમજાવવામાં આવે તો કહી શકાય કે કોઈપણ વ્યકિતએ પોતાના મૌલિક વિચારો કે કલાની અભિવ્યકિતને કાયદાથી પ્રસ્થાપિત કરવું. કોપીરાઈટ એ એક પ્રકારની વિશિષ્ટ અને દ્રશ્ય મિલકત સમાજ બૌદ્ધિક સંપદા છે. આવા પ્રકારની સંપદામાં જે-તે વ્યકિતની મહેનત, બુદ્ધિ અને મૂડીનુ સર્જન છે, જે બીજી વ્યકિતએ હડપવાનો પ્રયત્ન કરવો જોઈએ નહી.ભારતમાં કોપીરાઈટ કાયદાના પ્રબંધોને આધીન રહીને તથા તેના ઉદ્દેશો માટે આવા પ્રકારના અપવર્જિત અધિકારો મળે છે. કોઈપણ માલિકને કૃતિના પુનરૂત્થાનનો, પ્રકાશનનો, ભજવવાનો, ભાષાંતરનો, રેકોર્ડિંગનો, પ્રસારણનો, અનકુલીકરણનો વગેરે અધિકારો હકક પ્રાપ્ત થાય છે. કોપી રાઈટ માટે મૌલિક શૈલી અતિ મહત્ત્વની છે. કોઈપણ વ્યકિત લેખકકાર્યનું નાટયાત્મક કૃતિમાં રૂપાંતર કરવા માંગે, સાહિત્યનું ભાષાંતર કરી પુસ્તક તૈયાર કરવા માંગે, સ્થાપત્ય કલાની કૃતિનો નકલ કરવા માંગે, પેઈન્ટિંગ, શિલ્પકલા, ડ્રોઈંગ લેવા માંગે, સંગીતની ધૂન કે કૃતિ લેવા માંગે, લેખક તરીકે અન્ય સાહિત્યનું વિવરણ કરવા માંગે તો તેણે સૌપ્રથમ કોપીરાઈટ મેળવવા અનિવાર્ય બની જાય છે. કોપીરાઈટ પ્રોડકટ મટિરિયલ્સની નકલ કરવી, જાહેર વિતરણ કરવું, તેની આંશિક કે પૂર્ણ અનરૂપ નવેસરથી રચના કરવી, તેના પર આધારિત, તેને મળતું આવતું સર્જન કરવું, તેને જાહેરમાં પ્રકાશિત કરવાં, અમલમાં મૂકવું, ભજવવું જેવી બાબતોના હકકનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સાહિત્ય સર્જનના કોપીરાઈટની ચર્ચા કરવામાં આવે તો, તેમાં મૂળ સર્જન સાથે, ઉપર દર્શાવેલા કોઈપણ અધિકાર ભંગ, ધ્યાને આવે ત્યારે જાહેર હિતની બાબત હોવાથી, અધિકાર ભંગ બાબતનો ભંગ બાબતનો વિરોધ કોઈપણ સાહિત્યપ્રેમી કરી શકે છે, પરંત આ અધિકારનું ઉલ્લંઘન કરનાર વ્યકિત પર કાનૂની કાર્યવાહી, ફક્ત અને ફક્ત મૂળ સર્જક અથવા તો તે સર્જકે

કાયદાની પ્રક્રિયા અનુસાર આંશિક અથવા પૂર્ણ હકક જેને તબદિલ કરેલ હોય, તેવી વ્યકિત કે સમૂહ જ પગલા લઈ શકે છે. આ પગલાંમાં માનહાનિ, આર્થિક નુકસાનનું વળતર અંગે અદાલતમાં દિવાની કે ફોજદારી ફરિયાદ પણ કરી શકે છે.

કોપીરાઈટ રહેલ ન હોય એ એવી કૃતિઓ છે જેનું અનુસરણ કરવાથી કોપીરાઈટ ભંગ થતો નથી. કોપીરાઈટનો ભંગ થતો ન હોય તેવી કૃતિ કે કૃત્યની ચર્ચા કરીએ તો સંશોધન, ખાનગી અભ્યાસ કે ટીકા, અવલોકન માટે કોઈપણ સાહિત્યકૃતિ પ્રામાણિક વ્યવહાર તેનું વિશ્લેષણએ ભંગની વ્યાખ્યામાં આવશે નહી. રેડીયોમાં થતું પ્રસારણ, ફિલ્મ પ્રદર્શન કે ફોટોગ્રાફથી થતાં નિરૂપણની નોંધ કે નિવેદન વર્તમાનપત્રોમાં છાપવાથી પણ કોપીરાઈટ ભંગ થતો નથી. અદાલતોમાં થતી પ્રક્રિયા દરમિયાન રજૂ કરવામાં આવતા ઉદાહરણો કોપીરાઈટનો ભંગ નથી કહેવાતો. ઉપરાંત લોકસભા-રાજયસભા કે વિધાનતંત્રના સભ્યોને કોઈ કૃતિ તેમના પુરતી ઉપયોગમાં લેવા માટે આપવામાં આવે તો તે કોપીરાઈટ ભંગ કહેવાશે નહી. જાહેર કાર્યક્રમોમાં કોઈ કૃતિનું વાંચન કરવું, અભિનય કરવો તે પણ કોપીરાઈટ કહેવાશે નહી. શાળા-કોલેજમાં અભ્યાસાથે કરાયેલ કૃતિની નકલ પણ કોપીરાઈટ ભંગ નથી. ઉપરાંત કોઈપણ જાતનો ખર્ચ લીધા વિના ધાર્મિક પુસ્તકો પ્રકાશિત કરવા, જાહેર પ્રસંગોએ આપવામાં આવેલા નિવેદનો, ભાષણોને પ્રકાશિત કરવા પણ કોપીરાઈટનો ભંગ ગણવામાં આવતો નથી.

ભારતમાં કોપીરાઈટ કાયદાનો સૌપ્રથમ અમલ બ્રિટીશ સામ્રાજય દરમિયાન કરવામાં આવ્યો હતો. વૈધાનિક દ્રષ્ટિએ બ્રિટનમાં સૌપ્રથમ 1709 માં કાયદો પસાર કરવામાં આવ્યો હતો. 1912માં ઈગ્લેન્ડના પ્રવર્તમાન 1911 ના કોપીરાઈટના કાયદા પરથી ભારતમાં કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ઈગ્લેન્ડના 1911ના કાયદા પરથી 1914 નો કોપીરાઈટ કાયદો ઘડવામાં આવ્યો અને તે અમલી બન્યો હતો. કલા કૃતિઓનાં વિવિધ ક્ષેત્રોનો સમાવેશ ભારતના કોપીરાઈટમાં થતાં વિસ્તૃત રીતે 1957માં નવો કાયદો 21મી જાન્યુઆરી 1958 થી સમગ્ર ભારતમાં લાગુ પડ્યો હતો. જેમાં 79 કલમો અને કુલ 15 પ્રકરણો હતો. જેમાં સમયાંતરે 1984, 1995, 1999 અને 2012માં નવા સુધારાઓ કરી નવો કાયદો અમલમાં છે.

## 2.2 અર્થ અને વ્યાખ્યા :

### 2.2.1 કોપીરાઈટનો અર્થ :

કોપીરાઈટનો સામાન્ય અર્થ એવો કરી શકાય કે, કોઈ વ્યકિત લેખક, સંગીત, ચિત્ર કે પેઈન્ટિંગ કર્યું હોય, કોમ્પ્યુટર પ્રોગ્રામ બનાવ્યો હોય, કોઠાઓ, કોમ્પ્યુટર ડેટાઓ તૈયાર ક્યાં હોય તો તે વ્યકિતના તે લેખન, ચિત્ર કે પેઈન્ટિંગ કે કોમ્પ્યુટર પ્રોગ્રામને લગતા કાયદાકીય અધિકારો. કોપીરાઈટના કાયદા પાછળ એવો વિચાર રહેલો છે કે, માણસ પોતાની બુદ્ધિ કે કુશળતાથી અમુક વસ્તુ બનાવે તે વસ્તુમાંથી આર્થિક કે બીજા કોઈ પ્રકારનો લાભ મેળવવાનો હકક છે, આવો હકક તેવી મૂળ વ્યકિતને મળી રહે તેવો કોપીરાઈટ ધરાવનાર વ્યકિત આ અધિકાર ભંગ કરનાર સામે અનેક પ્રકારમાંથી કોઈપણ એક રીતે કાર્યવાહી કરી શકે છે. આ અધિકાર ધરાવનાર વ્યકિતની કૃતિની અને તેના કલા કૌશલ્યને રક્ષિત કરે છે.

સામાન્ય રીતે જયારે મિલકતની વાત કરવામાં આવે ત્યારે સ્થાવર કે જંગમ તેવી બે પ્રકારની મિલકતનો ઉલ્લેખ કરવામાં આવતો હોય છે, પરંતુ મિલકત એવી છે કે જે મૂર્ત સ્વરૂપે નથી. સ્થાવર અને જંગમ મિલકત

સિવાયની મિલકત એટલે બૌદ્ધિક સંપત્તિ. આ સંપત્તિમાં કોપીરાઈટ, ટ્રેડમાર્ક, પેટન્ટ, ડિઝાઈન, ભૌગોલિક સંકેતો સહિતની બાબતોનો સમાવેશ થાય છે. જે પૈકી કોપીરાઈટનો અધિકારએ કલા-કૌશલ્ય-લેખન સિદ્ધિ માટે પ્રાપ્ત થતો જોવા મળે છે. કાયદાની ભાષામાં કોપીરાઈટએ અદશ્ય સ્વરૂપનો મિલ્કતનો અધિકાર કહેવાય છે. કોપીરાઈટએ કૃતિના કરતાની બુદ્ધિ કુશળતા અને મહેનતનું ફળ છે.

કોપીરાઈટનો અર્થ સવિશેષ રીતે સમજવા માટે ભારતીય કોપીરાઈટ કાયદાની કલમ-૧૨૨નો અભ્યાસ કરવામાં આવે તો, કોપીરાઈટ એટલે સાહિત્યક, નાટયાત્મક અથવા સાંગિતિક કૃતિ અથવા કોમ્પ્યુટર પ્રોગ્રામ અથવા કલાત્મક કૃતિ અથવા સિનેમેટોગ્રાફ ફિલ્મ અથવા રેકોડિંગના સંબંધમાં તેના માલિકને કાયદા દ્વારા આપવામાં આવેલા અધિકાર.એ જરૂરી નથી કે, આ અધિકારની રૂએ કાંઈ કરવું જ જોઈએ પરંત અન્યને તેમ કરતા અટકાવવાનો હેતું છે. કલમની જોગવાઈ અનસાર કોપીરાઈટ એટલે તેમાં દર્શાવેલ કાર્ય કરવાનો અબાધિત અધિકાર. કોપીરાઈટ એ એક વ્યકિતની મહેનત, બુદ્ધિ, નિપૂણતા અને મૂડીનું સર્જન છે તે બીજી વ્યકિતએ પચાવી પાડવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. આ એક અધિકારોનો સમૂહ છે. જેમાં કૃતિના પુનઃનિર્માણ, પ્રસિદ્ધિ, રજૂઆત, ભાષાંતર, પરિવર્તન, સિનેમેટોગ્રાફ ફિલ્મ, રેકોર્ડિંગ વગેરેના અધિકારોનો સમાવેશ થાય છે. આ કાર્યો કર્તા પોતે કરી શકે છે અને અન્યનો કરવાનો પરવાનો આપી શકે છે. આમાના કોઈપણ અધિકારનો ભંગ થતાં કૃતિકારને નકારાત્મક અધિકારો પણ પ્રાપ્ત થયેલા છે જેનો મુખ્ય આશય કૃતિની નકલ અટકાવવાનો, ગેરકાયદેસર પુનઃપ્રકાશનથી બચવાનો છે.

### 2.2.2 કોપીરાઈટની વ્યાખ્યાઓ :

કોપીરાઈટ (લેખકનો અધિકાર) એ કાનુની શબ્દ છે જેનો ઉપયોગ એવા અધિકારોના વર્ણન માટે કરવામાં આવે છે જે રચનાકાર (લેખક)ને તેણે રચેલી સાહિત્યિક અને કલાત્મક કૃતિ અતગંત પ્રાપ્ત થયેલા છે. જેમાં સાહિત્ય, સંગીત, ચિત્ર, સ્થાપત્યકલા, શિલ્પકલા અને ફિલ્મોગ્રાફીથી લઈ કોમ્પ્યટર પ્રોગ્રામ, ડેટાબેસ, જાહેરાત, નકશા અને ટેકનીકલ આકૃતિ સધી વિસ્તારવામાં આવેલ છે.

**- વર્લ્ડ ઈન્ટેલેકચ્યઅલ પ્રોપર્ટી ઓર્ગોનાઈઝેશન**

કોઈ ચોકક્સ સમયગાળા માટે મૂળ પુસ્તક, નાટક, ફિલ્મ અથવા સંગીતના ભાગ જેવા મૂળ કાર્યના તમામ ઉપયોગને નિયંત્રિત કરવાના કાયદાકીય અધિકારને કોપીરાઈટ કહી શકાય.

**- કેમ્બ્રિજ ડિકસનરી**

કોઈપણ કૃતિકારની કૃતિની નકલ કરવા, પરવાનો આપવા, ઉપયોગમાં લેવા અથવા તો કૃતિના મૂળને દર્શાવવા તેમજ અસલ ડિઝાઈનની રચના કરવા માટે આપવામાં આવતા વિશેષ અધિકાર એટલે કોપરાઈટ.

**- યુ.એસ. લિગલ ડિક્ષનરી**

કોપીરાઈટ એ એક વ્યકિતની મહેનત, બદ્ધિ અને મૂડીનું સર્જન છે, તે બીજી વ્યકિતએ પચાવી પાડવાનો પ્રયત્ન ન કરવો જોઈએ.

**- લોર્ડ એટીન્સન**

આમ ઉપર્યુકત વ્યાખ્યાઓ પરથી એમ કહી શકીએ છીએ કે, કોપીરાઈટ એ એક પ્રકારની વિશિષ્ટ અને અદૃશ્ય બૌદ્ધિક મિલકત છે. જેમાં વ્યકિતની મહેનત, બુદ્ધિ અને મૂડીનું સર્જન હોય છે, જે બીજી કોઈ વ્યકિતએ હડપવાનો પ્રયત્ન કરવો જોઈએ નહી. કોપરાઈટ કાયદાની વિવિધ જોગવાઈઓને આધીન રહીને જ તેના ઉદ્દેશો માટે જે અપવર્જિત અધિકારો મળે છે તેને કોપીરાઈટ કહેવામાં આવે છે. બીજી રીતે જોવા જઈએ તો કોપીરાઈટ એ માત્ર અધિકાર નથી પરંત અધિકારોનો સમૂહ છે જેમાં કોઈ માલિકને કૃતિના પુનઃઉત્પાદન, પ્રકાશનો, ભજવવાનો, ભાષાંતર કરવા, રેકોર્ડિંગ, પ્રસારણ કરવા સહિતના અધિકારો મળે છે, કૃતિના રચયિતાને પ્રાપ્ત થતા હોય છે.

## 2.3 કોપી રાઈટ પર આધારિત કાર્યો :

કલા અને સાહિત્યના ક્ષેત્રમાં ફેલાયેલા પ્રદૂષણને કારણે જે ચોરીની કે નકલની સંભાવના રહે છે તેનાથી કોઈપણ કૃતિના લેખકને રક્ષણ આપવાની અને પોતાના માલિક બુદ્ધિમતાને યોગ્ય રીતે રજૂ કરવાની ખાત્રી આપવાની છે તેની સાથે સાથે જાહેર જનતાને છેતરપિડીથી કે કપટથી બચાવી તેને યોગ્ય વાંચન સામગ્રી કે જે તે વ્યકિતના મૌલિક વિચારોનો માનસિક આપ-લે કરાવવાની છે. કોપીરાઈટ કાયદો અમલમાં આવ્યો ત્યારથી કોપીરાઈટનો વિસ્તાર વધ્યો છે અને કોપીરાઈટ આધારિત કાર્યો પણ વધતા જાય છે. કોપીરાઈટ મેળવ્યા બાદ કોઈપણ કૃતિની રચના કરનાર રચનાકાર પોતાની કૃતિનું પ્રકાશન અન્યનો સુપરત કરી શકે છે અને તેને લગતી રોયલ્ટી એટલે કે જે વહેંચાણ થાય તેનો અમુક ટકા હિસ્સો મેળવી શકે છે. સાહિત્યની નકલ કરવી, તેને વેંચાણ કરવા અંગેના કાર્યો કરી શકાય છે.

કોપીરાઈટ આધારિત કાર્યોમાં સૌથી મહત્ત્વનું કાર્ય કોપીરાઈટનું પ્રતિભાજનનુ છે. અસ્તિત્વ ધરાવતી કૃતિના કોપીરાઈટનો માલિક અથવા ભાવિ કૃતિના કોપીરાઈટનો કોઈપણ વ્યકિતને કોપીરાઈટ સંપૂર્ણતઃ અથવા અંશતઃ સમય માટે પ્રતિભાજન કરી શકે છે. આ પ્રતિભાજન કૃતિ અસ્તિત્વમાં આવવાથી શકય બનશે.

સાહિત્ય ક્ષેત્રમાં ભાષાંતર કૃતિનો વધુ પ્રમાણમાં ઉપયોગ થતો જોવા મળે છે. કોપીરાઈટર પોતે રચેલી કૃતિના ભાષાંતરના હકક ભાષાંતર કરનારને જાહેર હિતને ધ્યાનમાં રાખીને આપી શકે છે. જેની સમયમર્યાદા પણ નિર્ધારિત કરી શકે છે.

સિનેમેટોગ્રાફી ફિલ્મના કોપીરાઈટથી ફિલ્મની નકલ કરવી, ફિલ્મોગ્રાફી કોપી કરવી, કોઈપણ પાર્ટને અલગ કરવું, ફિલ્મોમાં વચ્ચે આપવામાં આવતી જાહેરાતો આપવા, ટી.વી., રેડિયો વગેરેમાં પ્રસારણ કરવા અંગેના કાર્યો કરી શકે છે.

સંગીત સંદર્ભે રેકર્ડ રાખવા, ટેપ-કેસેટ,સી.ડી., ડી.વી.ડી. બનાવવી તેની નકલ કરવી,જાહેરમાં તેને સંભળાવવા, રેકોર્ડિંગ કરવી, જાહેરમાં સંભળાવવા અગેના કાર્યો કોપીરાઈટ કરી શકાય છે.

શિલ્પ કલાના કોપીરાઈટથી તેનુ પ્રદર્શન કરવ તેને લગતી અન્ય કૃતિઓ તેયાર કરવા અંગેના કાર્યો કરી શકાય છે. આમ કહી શકાય છે કે, કોપીરાઈટ મેળવવાથી જે-તે કૃતિને લગતા દરેક પ્રકારના કાર્યો કરવાની છુટછાટ કાયદાકીય રીતે મળી જાય છે.

## 2.4 કોપીરાઈટની મુદત (અવધિ) :

કોપીરાઈટની મુદત કે અવધિ અંગે જુદા જુદા કાયદાવિદો અને તજજ્ઞો વચ્ચે મત-મતાંતર પ્રવર્તે છે. કાર્ય કરવાનો અબાધિત અધિકાર કેટલો હોવો જોઈએ એ બાબત ચર્ચાઓના અંતે એટલું તો સાબિત થાય કે, કોપીરાઈટર જયાં સુધી જીવિત છે ત્યાં સુધી તેને આ અધિકારો મળવા જોઈએ. અમુક દલીલો એ પ્રકારની હતી કે સાહિત્યના હિતાં કોપીરાઈટની સમયમર્યાદા ઓછી હોવી જોઈએ, જયારે અમુક વિચારકોની એવી દલીલ હતી કે, કોપીરાઈટની સમય મર્યાદા વધુ હોવી જોઈએ નહી જેથી કોપીરાઈટની વધુને વધુ નકલો થતી અટકાવી શકાય. વળી વર્તમાન સમયમાં સાહિત્ય, કલા, સ્થાપત્ય કલા વધુને વધુ મોંઘી બનતી જાય છે. આવા અનેક તર્કો વચ્ચે ભારતના કોપરાઈટ કાયદાની કલમ-૨૨ થી ૨૯ માં કોપીરાઈટની સમયમર્યાદા (અવધિ) અંગેની જોગવાઈ કરવામાં આવી છે જેમાં દરેક કલાના કોપીરાઈટનો સમય સાઠ વર્ષનો દર્શાવવામાં આવ્યો છે વળી આ સાઠ વર્ષ ક્યારથી ગણવા જોઈએ તે અગે વિવિધ કૃતિ સંદર્ભે વિવિધ જોગવાઈ કરવામાં આવી છે.

### 2.4.1 કૃતિના માલિક સંદર્ભે કોપીરાઈટની સમય મર્યાદા :

કોપીરાઈટ કાયદાની કલમ-૨૨ માં જણાવાયું છે કે, કોઈ પણ સાહિત્યિક, નાટયાત્મક, સાંગિતિક અથવા કલાત્મક કૃતિ (ફોટોગ્રાફ સિવાયની) જે લેખકના જીવનકાળ દરમિયાન પ્રસિદ્ધ થયેલી હોય તેના સંબંધમાં લેખકના મૃત્યુ પછીના કેલેન્ડર વર્ષથી શરૂ કરીને સાંઠ વર્ષ સુધી કોપીરાઈટ અસ્તિત્વ ધરાવતા રહેશે. સાંઠ વર્ષની સમય મર્યાદા અગાઉના કાયદામાં ૫૦ વર્ષની હતી જે ૧૯૯૧માં થયેલા સુધારાથી વધારવામાં આવી હતી. કોપીરાઈટ સંદર્ભે અહી ફોટોગ્રાફની કલાકૃતિને બાકાત રાખવામાં આવ્યા હતા.

### 2.4.2 ઉપનામવાળી કૃતિના માલિક અંગે સમય મર્યાદા :

કોપીરાઈટ કાયદાની કલમ-૨૩ માં અનામી અને ઉપનામવાળી કૃતિઓ સંદર્ભે જણાવાયુ છે કે,સાહિત્યિક, નાટયાત્મક, સાંગિતિક અથવા અન્ય કલાત્મક કૃતિ કે જે અનામી અથવા ઉપનામથી પ્રસિદ્ધ કરવામાં આવી હોય તે કૃતિના કોપીરાઈટ તે પ્રથમવાર પ્રસિદ્ધ થાય તે વર્ષ પછીના વર્ષથી શરૂ કરીને સાંઠ વર્ષ સુધી અસ્તિત્વ ધરાવશે. અહી એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, આ સમયમર્યાદા પૂર્ણ થયા પહેલા લેખકની ઓળખ જાહેર થઈ જાય તો લેખક જે વર્ષમાં મૃત્યુ પામે તે વર્ષ પછીના વર્ષથી શરૂ કરીને સાંઠ વર્ષ સધી કોપીરાઈટ અસ્તિત્વ ધરાવતા રહેશે. સંયુક્ત લેખનકૃતિના સંદર્ભે સ્પષ્ટતા કરવામાં આવી છે છે કે, વધુ લેખકો પેકી કોઈપણ લેખકની ઓળખ જાહેર થાય તે પછીના વર્ષથી મર્યાદા ગણવાની રહેશે. એક કરતાં વધુ લેખકોએ પ્રસિદ્ધ કરેલી કૃતિના સંદભે વધુ લેખકોની ઓળખ જાહેર થાય તે કિસ્સામાં છેલ્લે મૃત્ય પામે તેના પછીના વર્ષથી ૬૦ વર્ષની મુદત ગણવાની રહેશે.

### 2.4.3 લેખકના મૃત્યુ બાદ પ્રસિદ્ધ થયેલી કૃતિ અંગેની અવધિ :

કોપીરાઈટ કાયદાની કલમ-૨૪ માં કોઈપણ લેખકના મૃત્યુ બાદ પ્રસિદ્ધ થયેલી કૃતિ સંદર્ભે સ્પષ્ટતા કરતા જણાવાય છે કે, લેખકના મૃત્યુની તારીખે જે સાહિત્યિક, નાટયાત્મક, સાંગિતિક અથવા શિલ્પકલાના કામમાં કોપીરાઈટ અસ્તિત્વ ધરાવતો હોય તેના સંબંધમાં અથવા કોઈ સંયુકત લેખકની કૃતિના સંબંધમાં જે લેખક છેલ્લો મૃત્યુ પામે તેના મૃત્યુ પામે તેના મૃત્યુની તારીખ પહેલા તરત જ અસ્તિત્વ ધરાવતો હોય પણ તે કૃતિ અથવા તેનં પરિવર્તન તે તારીખ પહેલા પ્રસિદ્ધ ન થયલ હોય ત્યાં તે કૃતિ પ્રથમ વાર પ્રસિદ્ધ થયેલ ન હોય તો તે પ્રસિદ્ધ થાય તે વર્ષથી પછીના ૮૦ વર્ષ સુધી કોપીરાઈટ અસ્તિત્વમાં રહેશે અથવા જયારે કૃતિનં પરિવર્તન કોઈ આગળના વર્ષમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ હોય ત્યારે તે વર્ષ પછીના કેલેન્ડર વર્ષના ૬૦ વર્ષ સધી કોપીરાઈટનો અધિકાર રહેશે.

### 2.4.4 ફોટોગ્રાફના કોપીરાઈટની અવધિ :

કોપીરાઈટ કાયદાની કલમ-૨૫ માં સ્પષ્ટતા કરતાં જણાવાયું છે કે, ફોટોગ્રાફની પ્રસિદ્ધિ સંબંધમાં તે ફોટોગ્રાફ જે વર્ષમાં પ્રસિદ્ધ થાય તે વર્ષના કેલેન્ડર વર્ષથી શરૂ કરીને ૬૦ વર્ષ સધી તેને કોપીરાઈટ પ્રાપ્ત થશે.

### 2.4.5 સિનેમેટોગ્રાફ ફિલ્મના કોપીરાઈટની મુદત :

કોપીરાઈટ કાયદાની કલમ-૨૮ માં જણાવાય છે કે, સિનેમેટોગ્રાફ ફિલ્મના સંબંધમાં તે સિનેમેટોગ્રાફ ફિલ્મ જે વર્ષમાં પ્રસિદ્ધ થાય તે વર્ષ પછીના કેલેન્ડર વર્ષથી શરૂ કરીને ૬૦ વર્ષ સુધી કોપીરાઈટ પ્રાપ્ત થશે.

### 2.4.6 રેકોર્ડના કોપીરાઈટની સમય મર્યાદા :

કોપીરાઈટ કાયદાની કલમ-૨૭ માં જણાવાય છે કે, રેકોર્ડના સંદર્ભમાં તે રેકોર્ડ જે વર્ષમાં પ્રસિદ્ધ થાય તે વર્ષ પછીના કેલેન્ડર વર્ષથી શરૂ કરીને ૬૦ વર્ષ સધી કોપીરાઈટ અસ્તિત્વ ધરાવતા રહેશે.

### 2.4.7 સરકારી-જાહેર સાહસો - આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની કૃતિના કોપીરાઈટની અવધિ :

કોપરાઈટના કાયદાની કલમ-૨૮ માં સરકારી, જાહેર સાહસો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના કોપીરાઈટ સંદર્ભે જણાવાય છે કે, કોપરાઈટના પ્રથમ માલિકે જે વર્ષમાં કૃતિ પ્રસિદ્ધ કરી હોય તે વર્ષથી લઈને ૬૦ વર્ષ સુધી તેના કોપીરાઈટ રહેશે.

## 2.5 કોપી રાઈટ અને તેને લગતા અધિકારો :

### 2.5.1 વૈધાનિક અધિકાર :

ભારતીય કોપીરાઈટ કાયદાની કલમ-૧૪ માં દર્શાવેલી વ્યાખ્યા પ્રમાણે કોપીરાઈટ એ વૈધાનિક અધિકાર છે. એટલે કે કોપીરાઈટ કાયદાના સર્જન છે. કોપીરાઈટ એ એક વ્યકિતની મહેનત, બુદ્ધિ, અને મૂડીનું સર્જન છે. કાયદા તેને એ અર્થમાં માન્યતા આપે છે કે, બીજી કોઈ વ્યકિતએ તેનો

નકલ કરવાનો કે તે પચાવી પાડવાનો પ્રયત્ન કરવો ન જોઈએ. કોપીરાઈટથી કલમ - ૧૪ માં દર્શાવ્યા મજબ સાહિત્યિક, નાટયાત્મક, સાંગિતિક કૃતિની બાબતમાં કલોઝ(એ)માં નિદિષ્ટ કરાયેલા અધિકારો મળે છે. કોમ્પ્યુટર પ્રોગ્રામની બાબતમાં કલોઝ(બી)માં નિદિષ્ટ કરાયેલા અધિકારો પ્રાપ્ત થયેલા છે. કલાકૃતિની બાબતમાં કલોઝ(સી) મુજબના અધિકારો મળે છે અને સિનેમેટોગ્રાફ ફિલ્મની બાબતમાં કલોઝ (ડી)માં નિર્દિષ્ટ કરાયેલા અધિકારો પ્રાપ્ત થાય છે.

### 2.5.2 નકારાત્મક અધિકાર :

કોપીરાઈટ કાયદા પ્રમાણે પ્રાપ્ત થયેલ વૈધાનિક અધિકાર એ નકારાત્મક અધિકાર પણ કહી શકાય છે, કારણ કે, કોપીરાઈટથી તેનો લેખક બીજાને પોતાની કૃતિની નકલ કરતાં રોકી કે અટકાવી શકે છે. અલબત, તે માટે લેખક પોતાની પરવાનગી આપી શકે. પરંતુ લેખકના પરવાના સિવાય, કોઈપણ વ્યકિત કર્તાની કૃતિની નકલ કરી શકે નહીં. આ અર્થમાં કોપીરાઈટ નકારાત્મક અધિકાર કહી શકાય છે. કોપીરાઈટનો ભંગ રોકવાનો અધિકાર કર્તા કે લેખકનો જ છે.

### 2.5.3 આર્થિક અધિકાર :

કોપીરાઈટ કાયદાની કલમ-૧૪ થી મળતા અધિકારોની રૂએ આર્થિક અધિકાર પણ પ્રાપ્ત થઈ જાય છે.કોપીરાઈટથી તેના કર્તાને આર્થિક લાભ થાય છે.કોપીરાઈટના માલિકને કૃતિની નકલ થતાં રોકવાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે. જો કૃતિની નકલ થાય તો કર્તાને આર્થિક નુકશાન થાય. કૃતિની નકલ થતાં રોકીને તે આર્થિક લાભ મેળવી શકે છે. કોપીરાઈટના ઉપયોગનો પરવાનો આપીને તેની રોયલ્ટી મેળવી શકે છે.

### 2.5.4 નૈતિક અધિકાર :

આ કાયદામાં કોપીરાઈટથી મળતા નૈતિક અધિકારોનો કોઈ જ ઉલ્લેખ નથી તેમ છતાં પણ છુપાયેલા અધિકાર તરીકે તે પ્રાપ્ત થાય છે. કૃતિના પ્રકાશનનો અધિકારએ તેનો નૈતિક અધિકારો પૈકી એક છે. પ્રકાશિત કે પ્રદર્શિત થયેલ કૃતિના લેખક તરીકેનો હકક દાવો રજૂ કરવો, લેખકની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવુ કોઈપણ કૃત્ય કરવાનો અટકાવવાનો અધિકાર નૈતિક અધિકાર છે.

## 2.6 કોપી રાઈટ મેળવવા માટે કોણ અરજી કરી શકે :

ભારતમાં કોપીરાઈટ મેળવવા માટેની મહત્ત્વપૂર્ણ શરત એ કહી શકાય તે કૃતિ ભારતમાં બનેલી હોવી જોઈએ. દેશ પૂરતી સીમિત રહેતી કૃતિઓ અંગે કાયદાની કલમ--૧૩માં જણાવાયું છે કે, મૌલિક સાહિત્યિક, નાટયાત્મક, સાંગિતિક અને કલાત્મક કૃતિઓ, સિનેમેટોગ્રાફ ફિલ્મ અને રેકોર્ડ જેવા કોપીરાઈટ માત્ર ભારત દેશ પૂરતો સિમિત રહેશે.પ્રસિદ્ધ થયેલી કૃતિના સંબંધમાં જણાવાય છે કે, કૃતિની પ્રસિદ્ધિ ભારતમાં થયેલી હોય અથવા તો ભારત બહાર થયેલી હોય તેવા કિસ્સામાં કોપીરાઈટર પ્રકાશનના સમય અથવા તો લેખકના મૃત્યુ સમયે ભારતમાં હોય તે ભારતનો નાગરિક હોય તો તેને કોપીરાઈટ મળી શકે છે.

કોપીરાઈટ મેળવવા માટે ખાસ આવશ્યક તત્ત્વ સંદર્ભે મૌલિકતાને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. મૌલિક શબ્દનો અર્થ એવો નથી કે, કૃતિ નવા શોધાયેલા વિચારની

અભિવ્યક્તિ હોવી જોઈએ. કાયદો વિચારોની મૌલિકતા સાથે નહિ પણ તેની અભિવ્યક્તિ સાથે સંબંધ ધરાવે છે. અભિવ્યક્તિમાં પણ મૌલિક્તાનો ગુણધર્મ આવશ્યક ગણવામાં આવ્યો છે. જે કૃતિ બીજામાંથી ઉતારો કરેલ ન હોય તે કોપીરાયટ મેળવવા માટે હકકદાર ગણાવી જોઈએ. લેખકનું પોતાનું નવસર્જન કોપીરાઈટ આપવા માટે અનિવાર્ય તત્ત્વો બની જાય છે. લેખકના સંદર્ભે જણાવવામાં આવ્ય છે કે, એક કૃતિના લેખનમાં મૌલિક્તા અનિવાર્ય પરિબળ છે. લેખેલ વિગતોની નકલ કરનારને લેખક કહી શકાય નહી કે એક ભાષામાંથી અન્ય ભાષામાં ભાષાંતર કરવુ તેને લેખક ન કહી શકાય તેને કોપીરાઈટ પણ મળી શકતા નથી.

નાટયાત્મક કૃતિના સંદર્ભે કોપીરાઈટ મેળવવા માટે આવશ્યક શરત એ છે કે, નાટયાત્મક કૃતિમાં કાવ્ય વાચન, સમૂહ નૃત્યકૃતિ અથવા મૂક દૃશ્યમાં મનોરંજન, નાટયાત્મક ગોઠવણ અથવા અભિનય સ્વરૂપ લેખિત અથવા અન્ય રીતે આપવામાં આવ્યું હોય તે અનિવાર્ય છે આવી કૃતિને જ કોપીરાઈટ મળી શકે છે.

સરકારી કૃતિ અંગે સ્પષ્ટતા કરાઈ છે કે, જયારે કોઈપણ કૃતિ સરકારની અથવા તો સરકારી ખાતા અથવા ભારતમાંની કોઈપણ વિધાનસભા અથવા અદાલત અથવા ન્યાયિક સતાની દોરવણી અથવા અંકુશ હેઠળ બનાવવામાં આવે કે પ્રસિદ્ધ કરવામાં આવે ત્યારે તેના કોપીરાઈટ સરકાર પાસે રહેશે. અહીં પ્રસિદ્ધ નહી થઈ હોય તેવી કૃતિ પર પણ સરકારનો કોપીરાઈટ રહેશે. વૈધાનિક કાયદાઓ છપાવવાનો અધિકાર પણ સરકારને હસ્તક જ રહેશે.

દેશની કલા, કૃતિ અંગે પણ જણાવાય છે કે, ભારતીય કૃતિ એટલે ભારતના નાગરિકો હોય તેવા લેખકની સાહિત્યિક, નાટયાત્મક અથવા સાંગિતિક કૃતિ જેમાં સંસ્કૃતિને ઝલક આવતી હોય તેને કોપીરાઈટ પ્રાપ્ત થઈ શકે છે. સાહિત્યિક કૃતિ સંદર્ભે પણ જણાવાય છે કે, કોઈપણ વ્યકિતની પોતાની મૌલિક કૃતિ સિવાય પણ સંકલન કરીને તેયાર કરવામાં આવેલી કૃતિને કોપીરાઈટ મળી શકે છે. સંગીતની કોઈપણ નવી ધૂનને કોપીરાઈટ પ્રાપ્ત થઈ શકે છે. આ ઉપરાંત કોઈપણ પ્રકાશક પોતાના ગ્રંથમાં અન્યોની કૃતિઓનો સમાવેશ કરીને માન્યતા મેળવી શકે છે. અહીં જાહેર જનતા માટે આ પ્રકાશન થયેલ હોવું જરૂરી બને છે જેમાં કોપીરાઈટ બોર્ડનો નિર્ણય આખરી રહે છે.

## 2.7 કોપીરાઈટનું માલિકીપણું અને અધિકાર :

### 2.7.1 કોપીરાઈટનું માલિકીપણું :

કોપીરાઈટ હંમેશાં કૃતિના ર્ક્તાને જ પ્રાપ્ત થાય તેવું જરૂરી નથી. ઘણીવાર પ્રકાશનો દ્વારા પણ કાર્યના રૂપે કૃતિની રચના કરાવવામાં આવતી જોવા મળે છે અને તેના કોપીરાઈટ સ્વૈચ્છિક રીતે તેના પ્રકાશનને મળતા જોવા મળે છે, એટલે એ સ્પષ્ટતા થવી અનિવાર્ય બની જાય છે કે, કોપીરાઈટનો માલિકીહકક કોને પ્રાપ્ત થાય છે. માલિકીપણા અંગે ભારતીય કોપીરાઈટ કાયદાની કલમ - 17 મા સ્પષ્ટતા કરવામાં આવી છે જેના પાંચ અપવાદોને ઘ્યાનમાં રાખવાનું જણાવાય છે.

અપવાદ - 1 : વર્તમાનપત્રો કે સામાયિકના માલિકો સાહિત્યિક, નાટયાત્મક કે કલાત્મક કૃતિ સાથે તેની પ્રસિદ્ધિ અને પૂનઃપ્રસિદ્ધિનો કરાર કરીને તૈયાર કરાવે અથવા કૃતિનો રચનાકાર કૃતિની રચના દરમિયાન તેના કર્મચારી તરીકે કાર્ય કરતો હોય તો તેવા પ્રસંગે વર્તમાન પત્રનો માલિક કોપીરાઈટ માટે હકકદાર રહેશે.

અપવાદ -2 : ફોટોગ્રાફ, ચિત્રકામ, શિલ્પકામ, સિનેમેટોગ્રાફના સંબંધમાં કૃતિની રચના માલિકના આદેશ અનુસાર કર્તાએ તૈયાર કરી હોય તો તેનો માટે સૂચના આપનાર માલિક જ કોપીરાઈટનો અધિકારી રહેશે.

અપવાદ -3 : કોઈ નોકરી કે ઉમેદવારીના કરાર હેઠળ કર્તાએ નોકરી દરમ્યાન રચના ન હોય તેવી કોઈપણ કૃતિ તેયાર કરી હોય તેમજ ઉપર્યુકત અપવાદોમાં સમાવિષ્ટ પામતી ન હોય તેવી કૃતિનો માલિક કૃતિ તેયાર કરનાર કોપીરાઈટ મેળવવા હકકદાર બનશે.

અપવાદ -4 : સરકાર દ્વારા આપવામાં આવેલ કાર્ય કે સરકારી કૃતિના સંબંધમાં ગમે તે પ્રકારની કૃતિ સરકારની જ રહેશે. ઉપરાંત જાહેર સાહસ સંદર્ભે તૈયાર થયેલ કૃતિ પણ સરકારની રહેશે. તેમાં કોઈપણ જાતના અધિકાર કૃતિ તૈયાર કરનારના રહેશે નહી.

અપવાદ -5 : આંતરરાષ્ટ્રીય કોપીરાઈટ મેળવનાર કર્તાના સંદર્ભમાં કલમ-41ના પ્રબંધોને આધીન રહીને સંબંધકર્તા આંતરરાષ્ટ્રીય સંસ્થા તેવી કૃતિના કોપીરાઈટના પ્રથમ માલિક ગણાશે.

### 2.7.2 કોપીરાઈટના અધિકારો :

ભારતીય કોપીરાઈટ કાયદા અન્વયે અસ્તિત્વ ધરાવતી કૃતિના કોપીરાઈટનો માલિક અથવા ભાવિ કૃતિનો સંભવિત માલિક સંપૂર્ણ અગર અંશત રીતે અને સામાન્ય અગર મર્યાદિત રીતે કોપીરાઈટનું અસ્તિત્વ બધા સમય માટે અથવા કોઈ ખંડ સમય માટે બીજી વ્યકિત પ્રત્યે પ્રતિભાજન કરી શકે છે. પ્રતિભાજનનો સરળ અર્થ કૃતિના હકક અન્યને આપવા તેમ કહી શકાય જે નિયમોને આધીન હોય છે.

કોપીરાઈટ વારસાપાત્ર સંપત્તિ ગણાય છે અને તેથી સ્વાભાવિક રીતે વસિયતથી આપી શકાય. જો વસિયતકારે કોઈ વ્યકિતને બક્ષિસથી કોઈ કૃતિની હસ્તપ્રત આપવા ઠરાવ્યું હોય અથવા વસિયત કે કોડીસીયલમાં કપીરાઈટ માટે વિપરીત ઈરાદો વ્યકત કર્યો હોય તો હસ્તપ્રત જેને બક્ષીશથી મળે તેને કોપીરાઈટ પણ મળે છે.

કોપીરાઈટનો ત્યાગ કરવાનો કર્તાનો અધિકાર પણ મહત્ત્વપૂર્ણ અધિકારોમાંનો એક છે. જેમ કોપીરાઈટનો અધિકાર પ્રતિભાજન કે વારસાથી અન્ય વ્યકિતને આપી શકાયછે તેવી રીતે તેનો માલિક તેનો ત્યાગ પણ કરી શકે છે. કોઈપણ કૃતિનો કર્તા કોપીરાઈટમાં સંયુક્ત કોઈપણ અધિકાર અથવા અધિકારો રજીસ્ટ્રાર ઓફ કોપીરાઈટને નિયત નમૂનામાં નોટિસ આપી ત્યાગી શકે અને તેમ છતા, નોટિસની તારીખથી આવા અધિકારીનુ અસ્તિત્વ સમાપ્ત થાય છે.

## 2.8 સારાંશ :

સમગ્ર વિશ્વમાં કોપીરાઈટનુ અતિ મહત્ત્વ રહ્યું છે કોપીરાઈટના કારણે જ

વર્તમાન સમયમાં એક દેશમાંથી અન્ય દેશમાં વ્યકિત રોકાણ કર્યા વગર પોતે પોતાની મહેનતનું ફળ મેળવી શકે છે. કોપીરાઈટનો ઉપયોગ આજના યુગમાં સૌથી વધુ પ્રમાણમાં થઈ રહયો છે. શ્રેષ્ઠ કૃતિને ફિલ્મી પડદે લાવી લોકો સુધી પહોંચાડવાનો કાર્ય કોપીરાઈટના માધ્યમથી થઈ રહ્યું છે. કોપીરાઈટના અધિકાર મળવાથી કલાના સર્જકોને નવજીવન મળ્યુ છે નકલ કરવાનું પ્રમાણ ખૂબ જ ઓછુ થઈ રહ્યું છે. કડક કાયદાઓ હોવાના કારણે સર્જકો મોટી સિદ્ધિ મેળવવામાં સફળ રહયા છે.

## 2.9 તમારી પ્રગતિ ચકાસો

❖ **વિસ્તારથી પ્રશ્નનો ઉત્તર આપો.**

(1) કોપીરાઈટ એટલે શુ ? કોપીરાઈટ આધારિત કાર્યોની સવિસ્તાર ચર્ચા કરો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(2) કોપીરાઈટની વ્યાખ્યા જણાવી, કોપીરાઈટની સમય મર્યાદા વિશે ચર્ચો

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

❖ **ટૂંકમાં જવાબ આપો**

(1) કોપીરાઈટમાં માલિકના હકકો વિશે જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(2) કોપીરાઈટ સંદર્ભે ઉપનામથી પ્રકાશિત થયેલ કૃતિની સમયમર્યાદા જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) સરકારી અને જાહેર કૃતિઓ સંદર્ભે કોપીરાઈટના પ્રાવધાનો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

❖ **વિસ્તારથી પ્રશ્નનો ઉત્તર આપો.**

(1) કોપીરાઈટ એટલે શુ ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) કોપીરાઈટને લગતા અધિકારોની વિસ્તારથી ચર્ચા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) કોપીરાઈટ કોણ મેળવી શકે તે અગે વિસ્તૃત માહિતી આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) કોપીરાઈટમાં માલિકના હકકો સર્વોપરી છે ચર્ચો ?

..................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

❖ **ટૂંકમાં જવાબ આપો**

(1) કોપીરાઈટમાં માલિકીપણાના અપવાદો જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(2) કોપીરાઈટનો નકારાત્મક અધિકાર કઈ બાબત પર પ્રકાશ પાડે છે જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

(3) કોપીરાઈટના અધિકારો જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

❖ **બહુ વૈકલ્પિક પ્રશ્નો :**

(1) ભારતના કોપીરાઈટ કાયદામાં છેલ્લે કઈ સાલમાં સુધારો કરાયો

(1) 2002 (2) 1999

(3) 2012 (3) 1958

(2) કોપીરાઈટ એટલે ........................

(1) કલાકત્મક કૃતિને કાયદાકીય અધિકાર

(2) મોલિક અધિકાર

(3) નૈતિક અધિકાર

(4) આમાંથી કોઈપણ નહીં

(3) કોપીરાઈટની સમય મર્યાદા કેટલી ?

(1) કોપીરાઈટના માલિકના મૃત્યુ પછીના 80 વર્ષ

(2) 80 વર્ષ

(3) 30 વર્ષ

(4) 20 વર્ષ

(4) કોપીરાઈટનું પ્રતિભાજન કેટલા પ્રમાણમાં થઈ શકે ?

(1) સંપૂર્ણ (2) અંશતઃ

(3) સંપૂર્ણ કે અંશતઃ બંને રીતે (4) પ્રતિભાજન ન થઈ શકે

(5) નીચેનામાંથી કઈ કૃતિને કોપીરાઈટ ન મળી શકે ?

(1) મૌલિક સાહિત્યિક કૃતિ

(2) પ્રકાશન કરનારને

(3) કૃતિના ભાષાંતર કરનારને

(4) નોકરી દરમિયાન માલિકના કહેવાથી લેવાયેલ કૃતિને

(6) કોપીરાઈટના આવશ્યક તત્ત્વોમાં નીચેનામાંથી કયા તત્ત્વનો સમાવેશ થશે ?

(1) કૃતિના વિષયને (2) કૃતિમાં રહેલી મૌલિકતાને

(3) કૃતિકારને (4) ઉપરનામાંથી એકપણ નહીં

(7) કોપીરાઈટની સમયમર્યાદા અંગેની જોગવાઈ કઈ કલમમાં દર્શાવાઈ છે ?

(1) કલમ - 22 થી 25 (2) કલમ - 22 થી 28

(3) કલમ - 21 થી 30 (4) કલમ -221 થી 23

(8) કોઈપણ કૃતિનું ભાષાંતર કરવં કોપીરાઈટનો ભંગ કહેવાય ?

(1) હા (2) ના

(3) અંશતઃ હા (4) અંશતઃ ના

(9) નાટયાત્મક કૃતિના કોપીરાઈટ મેળવવા માટે શુ જરૂરી છે ?

(1) કૃતિના પાત્રો (2) કૃતિનુ લેખિત સ્વરૂપ

(3) કૃતિના લેખકોની સંખ્યા (4) કૃતિ અંગે સરકારનો અભિપ્રાય

(10) કોપીરાઈટનો પ્રથમ માલિક અંગેની સ્પષ્ટતા કઈ કલમમાં કરેલી છે ?

(1) કલમ-11 (2) કલમ-12

(3) કલમ-17 (4) કલમ-18

જવાબો 2

પ્રશ્ન- 1: (3), પ્રશ્ન-2: (1), પ્રશ્ન - 3 :(1), પ્રશ્ન - 4 :(3), પ્રશ્ન - 5 :(4),

પ્રશ્ન- 6 :(2), પ્રશ્ન - 7 :(2), પ્રશ્ન - 8 :(1), પ્રશ્ન - 9 :(2), પ્રશ્ન - 10 :(3),

## 2.10 ચાવીરૂપ શબ્દો

- **સાહિત્યિક કૃતિ :** સાહિત્ય ક્ષેત્રને લગતુ મૌલિક લખાણ જેમાં લેખકને લગતી દરેક કૃતિ
- **નાટયાત્મક કૃતિ :** નાટય ક્ષેત્ર એટલે અદાકારીને લગતું બાબતોનો સમાવેશ થશે
- **સાંગિતિક કૃતિ :** સંગીતની નવી ધૂન જે કોઈપણ વાજીંત્રોથી સ્થાપિત થઈ હોય, સંગીતની નવી ગોઠવણ
- **સ્થાપત્ય કૃતિ :** કોઈપણ શિલ્પ કલાને લગતી મૌલિક સર્જનાત્મક કૃતિ, સ્થાપત્ય ક્ષેત્રને લગતી કૃતિઓ
- **કલાત્મક કૃતિ :** કોઈપણ ચિત્ર કલા, પેઈન્ટિંગ, ડ્રોઈંગ, નકશો, આકૃતિ, રૂપરેખાનો સમાવેશ થશે
- **ભારતીય કૃતિ :** ભારતીય કલ્ચરને લગતી કોઈપણ સાંસ્કૃતિની ઝાંખી
- **સિનેમેટોગ્રાફ :** સિનેમાને લગતી કૃતિઓ
- **લેખક :** લેખન ક્ષેત્રે નવીન મૌલિક સર્જન કરનાર વ્યકિત કે વ્યકિત સમૂહ
- **અપ્રકાશિત કૃતિ :** જે કૃતિનું કાર્ય સર્જન થઈ પ્રકાશિત થઈ ન હોય તેવી કૃતિ.
- **કોપીરાઈટ :** કોઈપણ મૌલિક સર્જનને અબાધિત અધિકારો આપવા અંગેનો પરવાનો
- **અવધિ :** સમયમર્યાદા
- **કોપીરાઈટ પ્રતિભાજન :** અન્યને કોપીરાઈટ આપવા

## 2.11 સંદર્ભ સૂચિ :


(1) ઈન્ડિયન પેટન્ટ લો એન્ડ પ્રેકટીસ, કે.સી. કાંકાનાલા, ઓક્સફોર્ડ ઈન્ડિયા પેપરબેક્સ.

(2) WWW.IPINDIA.NIC.IN

(3) WWW.GU.M.WIKIPEDIA.ORG

(4) WORD INTELLECTUAL PROPERTY ORGANIZATION WEBSITE

(5) વી.કે.આહુજા, ઈન્ટેલેક્ચ્યલ પ્રોપર્ટી રાઈટ ઈન ઈન્ડિયા, ન્યુ દિલ્હી, લેક્સીસનેક્ષિસ, 2012

(6) બૌદ્ધિક સંપદાનો કાયદો, સી.જમનાદાસ એન્ડ કંપની, અમદાવાદ, ચોથી આવૃતિ


***********************

એકમ 3

# અર્ધ-વાહક અને સંકલિત સર્કિટ્સ

-: રૂપરેખા :-


**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 ઈતિહાસ**

**3.3 અર્થ અને વ્યાખ્યા**

**3.4 અર્ધવાહક સર્કિટને લગતા કાર્યો માટેની પાત્રતા**

**3.5 અર્ધવાહક સંકલિત સર્કિટ્સના લેઆઉટ-ડિઝાઈનની માન્યતાનો સમયગાળો**

**3.6 અર્ધવાહક સંકલિત સર્કિટ્સના લેઆઉટ-ડિઝાઈનની અરજી કરવાની પાત્રતા**

**3.7 કાયદાથી મળેલ અધિકારો**

**3.8 સારાંશ**

**3.9 તમારી પ્રગતિ ચકાસો**

**3.10 ચાવીરૂપ શબ્દો**

**3.11 સંદર્ભ સૂચિ**


## 3.0 ઉદ્દેશો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- એક્ટની ઉત્ક્રાંતિ સમજી શકશો.
- અર્ધ કંડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કેટ લેઆઉટ ડિઝાઇનનો અર્થ જાણી શકશો.
- એક્ટ હેઠળ નોંધણી માટેના કાર્યોની પાત્રતાને વર્ણવી શકશો.
- લેઆઉટ ડિઝાઇનની અવધિ અને નોંધણી માટેની પ્રક્રિયા જાણી શકશો.
- એક્ટ દ્વારા મળવાપાત્ર થતાં અધિકાર સમજી શકશો.

## 3.1 પ્રસ્તાવના :-

આજના ગતિશીલ અને સ્પર્ધાત્મક વાતાવરણમાં, આઈપી રાઇટ્સ એ બજારની પરિસ્તિને જાળવવા માટે અગત્યના તત્ત્વો છે. દરેક દેશોની કંપનીઓ સમજે છે કે તેમના દેશની કઈ સંપત્તિઓ જાળવી રાખવી અગત્યની છે. શરૂઆત તો ફક્ત કોપી રાઇટ, ટ્રેડ માર્ક અને અમુક અંશે પેટંટ થી થઈ પણ ત્યાર બાદ બીજી બૌદ્ધિક સંપત્તિ જેવી કે ઈન્ડસ્ટ્રિયલ (ઔદ્યોગિક) ડિઝાઇન અને જીઓગ્રાફિકલ ઈંડિકેશન (ભૌગોલિક સંકેતો) ને લગતા કાયદા પણ અસ્તિત્વમાં આવ્યા. વધતી જતી તકનીકો અને વિકાસ સાથે દરેક દેશને સ્પર્ધામાં ટકી રહેવા માટે નવી તકનીકો શોધવાની આવશ્યકતા પડી. જેના લીધે તકનીકી ક્ષેત્રમાં ખૂબ તેજીથી વિકાસ આવ્યો.

આ તકનીકી ક્ષેત્રની પ્રગતિ સાથે, બૌદ્ધિક સંપત્તિના ક્ષેત્રમાં નવી શાખા વિકસિત થઈ, જેને લેઆઉટ-ડિઝાઇન અથવા સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ કહેવામાં આવે છે.

સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ એ દરેક કમ્પ્યુટર ચિપનો અભિન્ન ભાગ છે. પાંચમી પેઢીના કમ્પ્યુટર્સ ખૂબ મોટા સ્કેલમાં એકીકરણ (VLSI – Very Large Scale Integration) નો ઉપયોગ કરી રહ્યા છે જ્યાં એક જ ચિપ પર અસંખ્ય ટ્રાન્ઝિસ્ટર સમાવવામાં આવે છે, જે ચિપના કદને નાનું કરી નાંખે છે અને તે જ સમયે તેની પ્રક્રિયા કરવાની શક્તિમાં નોંધપાત્ર વધારો કરે છે. અને આખરે તે એક નાના અને વધુ શક્તિશાળી કમ્પ્યુટરમાં અનુવાદિત થાય છે. તેથી, બૌદ્ધિક સંપત્તિ તરીકે સેમિકન્ડક્ટર ઇન્ટિગ્રેટેડ સર્કિટ પર લેઆઉટ-ડિઝાઇનનો વિકાસ નોંધપાત્ર છે.

આથી, વિવિધ સંસ્થાઓ દ્વારા આ મુદ્દા અંગેના નિયમો પસાર કરવા માટે એક નિરણાત્મક પગલું લેવામાં આવ્યું હતું. આમાનું એક વર્લ્ડ ટ્રેડ ઓર્ગનાઇઝેશન હતું, જેને બૌદ્ધિક સંપત્તિને લઈને મુદ્દાઓ ઘડી ટ્રિપ્સ કરાર (૧૧૦૨૫ /૮૭૦૦૧૦૧૦૧૧) અમલમાં લાવ્યો હતો. ભારતે ડબલ્યુટીઓ (૦/૧૦)માં સહી કરનાર સભ્ય તરીકે ટ્રિપ્સ કરારના સમર્થનમાં સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ-ડિઝાઇન એક્ટ (ડા૦૧-૩/) ૨૦૦૦ની સાલમાં પસાર કર્યો હતો. સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ-ડિઝાઇન એક્ટ ૨૦૦૦ એ ડિઝાઇન એક્ટનો પૂરક અધિનિયમ છે. તે સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ-ડિઝાઇન અંગે ટ્રિપ્સ કરારના આર્ટિક્લ ૩૫ થી ૩૮ હેઠળ આપેલ સુરક્ષા અંગેની જવાબદારીઓને પૂર્ણ કરે છે.

## 3.2 ઈતિહાસ (Historical background) :

મુખ્યત્વે ચિપ પાઇરસીના પરિણામ સ્વરૂપે સેમિકન્ડક્ટર ઉદ્યોગને રક્ષણ આપવાના હેતુથી આ બૌદ્ધિક સંપત્તિના રક્ષણની જરૂરિયાત ઉદભવિ હતી. પાઈરેટેડ ચિપ નું વેચાણ કરતાં ચિપ ચાંચિયાઓના લીધે બજારમાં ચિપ મૂળ કંપનીની ચિપ કરતાં ઓછા ભાવે મળતી થઈ. આની અસર આડકતરી રીતે ચિપના સંશોધન કાર્ય પર થઈ. કંપનીઓ નફાનો જે ભાગ સંશોધન પાછળ ફાળવતા હતા તે હવે ઓછી કિંમતો પાછળ જતો કરવા લાગ્યા હતા. કંપનીઓ ને કોપી રાઈટ કે પેટન્ટના કાયદા હેઠળ પૂરતી સુરક્ષા મળતીના હોવાથી આ કાયદાનું નિર્માણ કરવું યોગ્ય બન્યું હતું.

સેમિકન્ડક્ટર ચિપ્સને સંરક્ષણ અમેરિકામાં સૌ પ્રથમ 1984 માં સેમિકન્ડક્ટર ચિપ પ્રોટેક્શન એક્ટ (એસસીપીએ) દ્વારા આપવામાં આવ્યું હતું અને તેની અસર વર્ચ્યુઅલ રીતે સમગ્ર વિશ્વમાં અનુભવાઈ હતી. જાપાને 1985માં જાપાની સર્કેટ લેઆઉટ રાઇટ એક્ટ (જેસીએલઆરએ) માં સમાન રક્ષણની રજૂઆત કરી. ઇસી ડિરેક્ટિવના તમામ સભ્ય દેશોમાં કાયદા લાગુ કરવા સાથે ઇયુએ આંતરરાષ્ટ્રીય પ્રયાસોને વેગ આપ્યો, જેના પરિણામ રૂપે 1989 માં ડબ્લ્યુઆઈપીઓનાં નેજા હેઠળ ઇન્ટીગ્રેટેડ સર્કિટ્સ (આઈપીઆઈસી સંધિ)ના સંદર્ભમાં બૌદ્ધિક સંપત્તિ પરની સંધિ ઘડવામાં આવી. આઈપીઆઈસી સંધિ બાદમાં ટ્રિપ્સ કરારના ભાગ તરીકે સામેલ કરવામાં આવી હતી. ટ્રિપ્સ કરારએ આઇપીઆઇસી સંધિની મોટાભાગની નોંધપાત્ર જોગવાઈઓનું પાલન કરવાની હાકલ કરી છે. ટ્રિપ્સ એગ્રીમેન્ટના સભ્ય તરીકે, ભારતે સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ લેઆઉટ-ડિઝાઇન એક્ટ, 2000 લાગુ કરવામાં આવ્યો.

એપ્રિલ, 1994 ના 15 મા દિવસે મરાકેશ ખાતે કરવામાં આવેલી બહુપક્ષીય વેપાર વાટાઘાટોના ઉરુગ્વે રાઉન્ડના પરિણામોને મૂર્તિમંતિત કરી અંતિમ અધિનિયમ ઘડવામાં આવ્યો હતો, જેમાં વિશ્વ વેપાર સંગઠનની સ્થાપના માટેની જોગવાઈને પણ સમર્થન આપવામાં આવ્યું હતું. અને બૌદ્ધિક સંપત્તિના હકોના વેપાર સંબંધિત પાસાઓ પરનો કરાર (TRIPS) એ અંતિમ

કાયદાનો ભાગ છે. ભારત સરકારના કહેવા મુજબ, આ અંતિમ કાયદાને માન્યતા આપીને, એકીકૃત સર્કિટ્સના લેઆઉટ-ડિઝાઇન (ટોપોગ્રાફી)ને લગતા બૌદ્ધિક સંપત્તિના હકોના વેપાર સંબંધિત પાસાઓ અંગેના કરારના કલમ 6 ના ભાગ II આપેલ જોગવાઈને ફળીભૂત કરવામાં આવેલ છે. એક્ટનો અમલ, સંચાર અને માહિતી એ તમામ તકનીકી મંત્રાલય હેઠળ આવે છે. એક્ટ હેઠળ રક્ષણ મેળવવા માટે લેઆઉટ-ડિઝાઇનની નોંધણી કરાવવી ફરજયાત રહેશે.

## 3.3 અર્થ અને વ્યાખ્યા (Meaning and definition) :

સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ-ડિઝાઇન એક્ટ 2000 નીચે મુજબની વ્યાખ્યા આપે છે, "સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ" નો અર્થ એ છે કે ટ્રાન્ઝિસ્ટર અથવા અન્ય સર્કિટના તત્ત્વો ધરાવતા ઉત્પાદન, જે અર્ધવર્તુહક સામગ્રી અથવા ઇન્સ્યુલેટીંગ સામગ્રી પર અથવા સેમિકન્ડક્ટર સામગ્રીની અંદર અને ઇલેક્ટ્રોનિક સર્કિટના કાર્ય કરવા માટે રચાયેલ છે. [કલમ ૨(h)]

સેમિકન્ડક્ટર એ એવી સામગ્રી છે જેમાં કોપર જેવા ધાતુની વચ્ચેની ડિગ્રી અને ગ્લાસ જેવા ઇન્સ્યુલેટરની વિદ્યુત વાહકતા હોય છે. સેમિકન્ડક્ટર એ આધુનિક સોલિડ સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સનો પાયો છે, જેમાં ટ્રાન્ઝિસ્ટર, સોલર સેલ્સ, લાઇટ-ઇમિટિંગ ડાયોડ્સ (એલઈડી), ક્વોન્ટમ ડોટ્સ અને ડિજિટલ અને એનાલોગ ઇન્ટેગ્રેટેડ સર્કિટસ પણ સામેલ છે. સેમિકન્ડક્ટરમાં ઘણા અનન્ય ગુણધર્મો હોઈ શકે છે, જેમાંથી એક "ડોપિંગ" કહેવાતા અશુદ્ધિઓના ઉમેરા દ્વારા અથવા ઇલેક્ટ્રિક ક્ષેત્ર અથવા પ્રકાશ જેવી અન્ય ઘટના સાથે ક્રિયાપ્રતિક્રિયા દ્વારા વાહકતા બદલવાની ક્ષમતા છે; આ ક્ષમતા સેમિકન્ડક્ટરને એવા ઉપકરણના નિર્માણ માટે ખૂબ ઉપયોગી બનાવે છે જે ઊર્જા ઇનપુટને વિસ્તૃત, સ્વિચ અથવા કન્વર્ટ કરી શકે છે. સેમિકન્ડક્ટરના ગુણધર્મોની આધુનિક સમજ એ અણુઓની જાળીની અંદર ઇલેક્ટ્રોનની ગતિને સમજાવવા માટે ક્વોન્ટમ ફિઝિક્સ પર આધાર રાખે છે.

"લેઆઉટ-ડિઝાઇન" નો અર્થ ટ્રાન્ઝિસ્ટર અને અન્ય સર્કિટના તત્ત્વોનો લેઆઉટ છે અને તેમાં આવા તત્ત્વોને જોડતા સીધા વાયરનો સમાવેશ થાય છે અને અર્ધવર્તુહક સંકલિત સર્કિટમાં કોઈપણ રીતે વ્યક્ત કરવામાં આવે છે. [કલમ ૨(h)]

એસઆઈસીએલડીના સંદર્ભમાં "વાણિજ્યિક શોષણ" નો અર્થ છે વેચવા, ભાડે આપવા, ઓફર કરવા અથવા વેચાણ માટે પ્રદર્શિત કરવું અથવા અન્યથા કોઈપણ વ્યાવસાયિક હેતુ માટે આવા સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટનું વિતરણ કરવું. [કલમ ૨(e)]

## 3.4 અર્ધ-વાહક સર્કિટને લગતા કાર્યો માટેની પાત્રતા (Eligible works for Semi-conductor Integrated Circuits Layout) :

સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ-ડિઝાઇન એક્ટ 2000 ના કાયદાની કલમ 7 માં દર્શાવેલ કાર્યો સિવાયના તમામ કાર્યો અર્ધ વાહક સર્કેટને લગતા કાર્યો માટેની પાત્રતા ધરાવે છે. કલમ મુજબ પાત્રતા ન દર્શાવતા કાર્યો નીચે મુજબ છે,

1. એક લેઆઉટ ડિઝાઇન કે જે :

(1) જે મૂળ સ્વરૂપની નથી એટલે કે ઓરિજનલ નથી; અથવા

(2) જેનું ભારતમાં અથવા સંમેલનમાં સામેલ થયેલ કોઈપણ દેશમાં ક્યાંય વ્યાપારી રીતે શોષણ કરવામાં આવ્યું છે; અથવા

(3) જે સ્વાભાવિક રીતે કે મૂળભૂત રીતે વિશિષ્ટતા ધરાવતી નથી; અથવા

(4) જે અન્ય કોઈપણ રજિસ્ટર્ડ લેઆઉટ-ડિઝાઇનથી અલગ પાડવા માટે સ્વાભાવિક રીતે સક્ષમ નથી, તેની લેઆઉટ-ડિઝાઇન તરીકે નોંધણી કરાવી શકાશે નહીંઃ ચજો કે લેઆઉટ-ડિઝાઇન કે જેની નોંધણીની તારીખથી બે વર્ષથી વધુ સમય માટે વ્યવસાયિક રીતે શોષણ કરવામાં આવ્યું હોય, જેની નોંધણી માટેની અરજી ભારતમાં અથવા સંમેલનમાં સામેલ થયેલ દેશમાં દાખલ કરવામાં આવી છે, તે આ પેટા-વિભાગના હેતુ માટે વ્યાપારી રીતે શોષણ કરવામાં આવેલ નથી તેવું માનવામાં આવશે.

2. લેઆઉટ-ડિઝાઇનને મૂળ માનવામાં આવશે જો તે તેના નિર્માતાના પોતાના બૌદ્ધિક પ્રયત્નોનું પરિણામ હશે અને તે સામાન્ય રીતે લેઆઉટ-ડિઝાઇન્સના નિર્માતાઓને અને તેની રચનાના સમયે સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સના ઉત્પાદકો માટે જાણીતું નહીં હોયઃ જો સામાન્ય રીતે લેઆઉટ ડિઝાઇનએ તેના સર્જકો અને સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સના ઉત્પાદકો વચ્ચે નું સંયોજન દર્શાવતા પરિબળોનું બૌદ્ધિક પરિણામ હશે તો જ તેને મૂળ સ્વરૂપનું માનવામાં આવશે.

3. જ્યાં કોઈ કમિશન અથવા રોજગારના કરારની અમલવારી સ્વરૂપે મૂળ લેઆઉટ ડિઝાઇન બનાવવામાં આવી હોય, તો આ કાયદા હેઠળ આવા લેઆઉટ-ડિઝાઇનમાં નોંધણી કરવાનો અધિકાર, તેનાથી વિરુદ્ધ કોઈપણ અન્ય કરવામાં આવેલ કરારની ગેરહાજરીમાં, કામ સોપવામાં આવેલ વ્યક્તિ એટલે કે કમેશન આપનાર વ્યક્તિ અથવા એમ્પ્લોયર નો રહેશે.

ટૂંકમાં, ઉપર દર્શાવેલ કાર્યો કે જેમાં કાયદો પાત્રતા નથી આપતો નોંધણી માટેની એ સિવાય અન્ય તમામ લેઆઉટ-ડિઝાઇન કાર્ય નોંધણી માટે પાત્રતા ધરાવે છે. કાર્યો કે જે મૂળ સ્વરૂપના નથી; અથવા જેનું ભારતમાં અથવા સંમેલન દેશમાં વ્યાપારી રીતે શોષણ કરવામાં આવ્યું છે; અથવા જે વારસાગત રીતે વિશિષ્ટ નથી; અથવા જે વારસાગત રીતે નોંધાયેલ અન્ય લેઆઉટ ડિઝાઇનથી અલગ કરવામાં સક્ષમ નથી તે નોંધણી માટે પાત્રતા ધરાવતા નથી.

## 3.5 અર્ધ-વાહક સંકલિત સર્કિટના લેઆઉટની માન્યતાનો સમયગાળો (Term of Semi-conductor Integrated Circuit Layout) :

સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ-ડિઝાઇન એક્ટ 2000 ના કાયદાની કલમ 15 મુજબ લેઆઉટ-ડિઝાઇનની નોંધણી ફક્ત નોંધણી માટે અરજી નોંધાવવાની તારીખથી અથવા ભારતમાં અથવા કોઈપણ દેશમાં, અગાઉ જે પણ દેશમાં છે ત્યાં પ્રથમ વ્યાપારી શોષણની તારીખથી દસ વર્ષના સમયગાળા માટે જ રહેશે.

કોઈપણ રીતે વ્યક્ત કરેલ લેઆઉટ ડિઝાઇન, જે મૂળ સ્વરૂપની છે, જે નોંધણી માટેની અરજીની તારીખથી ૨ વર્ષથી વધુ સમયથી વ્યાપારી રીતે શોષણ કરવામાં આવી નથી, જે સ્વાભાવિક રીતે વિશિષ્ટ અને અન્ય કોઈપણ નોંધાયેલ લેઆઉટ ડિઝાઇનથી અલગ હોવા માટે સક્ષમ છે, સુરક્ષિત છે, અથવા આ એક્ટ હેઠળ નોંધાયેલ છે ફક્ત તેને જ આ સમયગાળાની જોગવાઈ લાગુ પડશે.

ડિઝાઇનની નોંધણીનો સમયગાળો શરૂઆતમાં નોંધણીની તારીખથી દસ વર્ષનો હોય છે, પરંતુ એવા કિસ્સામાં કે જ્યાં પ્રાધાન્યતાનો દાવો કરવાની મંજૂરી આપવામાં આવે છે તેવા

સંજોગોમાં સમયગાળો અગ્રતાની તારીખથી દસ વર્ષ રહેશે. દસ વર્ષના પ્રારંભિક સમયગાળાની સમાપ્તિ પહેલાં કંટ્રોલરને નિયત ફી સાથે ફોર્મ -૩ સાથે વધુ સમય-વર્ષે સુધી લંબાવા માટે અરજી કરી શકાશે. ડિઝાઇનનો ધારક (પ્રોપરાઇટર) ડિઝાઇન રજિસ્ટર થતાંની સાથે જ મુદત વધારવા અંગેની અરજી કરી શકે છે.

નિર્ધારિત નવીનીકરણની ફી ચૂકવવામાં આવતી નથી ત્યાં, નિર્ધારિત સમયગાળાની અંદર, લેઆઉટ-ડિઝાઇનનું રજિસ્ટ્રેશન સમાપ્ત થઈ જશે, સિવાય કે રજિસ્ટ્રાર અરજીને ધ્યાને લઈને અને વધારાની સૂચવેલ ફીની ચુકવણીને આધિન હોય, અને પોતાની સ્વેચ્છા એ ચુકવણીની મુદત લંબાવી શકે એમ હોય. પણ આવા સંજોગોમાં છ મહિનાથી વધુ સમયગાળા માટે નવીનિકરણ માન્ય રાખવામા આવશે નહીં.

લેઆઉટ-ડિઝાઇનને આપવામાં આવેલ સંરક્ષણ લેઆઉટ-ડિઝાઇનની નોંધણી માટેની અરજીની તારીખથી અને વધારવાની મુદત સાથે ૧૫ વર્ષે સુધીજ માન્ય રહેશે, ત્યારબાદ આ લેઆઉટનો સમયગાળો સમાપ્ત થઈ જશે.

## 3.6 અર્ધ-વાહક સંકલિત સર્કિટના લેઆઉટની અરજી કરવાની પાત્રતા (Eligibility to apply for Semi-conductor Integrated Circuit Layout) :

સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ-ડિઝાઇન એક્ટ ૨૦૦૦ ના કાયદા હેઠળ લેઆઉટ માટેની અરજીની પ્રક્રિયા, પાત્રતા અને જોગવાઈઓ નીચે મુજબની છે,

### 3.6.1 નોંધણી માટેની અરજી :

કોઈપણ લેઆઉટ-ડિઝાઇનનો સર્જક હોવાનો દાવો કરનાર કોઈપણ વ્યક્તિ, જે તેનું નોંધણી કરવા ઇચ્છુક છે, તેણે તેના લેઆઉટ-ડિઝાઇનના નોંધણી માટે નિયત રીતે રજિસ્ટ્રારને લેખિતમાં અરજી કરવી પડશે.

દરેક અરજી સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ-ડિઝાઇન રજિસ્ટ્રીની કચેરીમાં દાખલ કરવામાં આવશે, જેની પ્રાદેશિક ક્ષેત્રની અંદર અરજદારના ભારતના વ્યવસાયનું મુખ્ય સ્થાન અથવા સંયુક્ત એપ્લિકેશનના કિસ્સામાં અરજદારનું નામ, ભારતમાં વ્યવસાયનું સ્થળ, જેનું નામ એપ્લિકેશનમાં પ્રથમ જણાવેલ છે તેનું ભારતમાં વ્યવસાયનું સ્થળ, તે સ્થિત છે કે નહીં, વગેરે. જો કે અરજદાર અથવા સંયુક્ત અરજદાર કોઈપણ ભારતમાં વ્યવસાય ચલાવતા ન હોય, સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્ન્સ લેઆઉટ-ડિઝાઇન રજિસ્ટ્રીની ઓફિસમાં અરજી દાખલ કરવામાં આવશે, જેની પ્રાદેશિક મર્યાદાને ભારતમાં લાગુ પાડવામાં આવી હશે, તેમાં ભારતમાં સેવા માટેના સરનામાંનું ઉલ્લેખિત સ્થાન એપ્લિકેશનમાં સ્પષ્ટ જણાવાનું રહેશે.

આ કાયદાની જોગવાઈઓને આધીન રજિસ્ટ્રાર અરજીનો ઇનકાર કરી શકે છે અથવા તેને સંપૂર્ણપણે સ્વીકારી શકે છે અથવા કોઈપણ સુધારાઓ અથવા ફેરફારો કે જે તેને યોગ્ય લાગે તેને આધિન સ્વીકાર કરી શકે છે. [કલમ 8]

### 3.6.2 અરજીનો સ્વીકાર :

કોઈપણ વ્યક્તિ કે જે તેની લેઆઉટ-ડિઝાઇન નોંધણી કરાવવા માંગે

છે, તેને સંબંધિત પ્રાદેશિક અધિકારક્ષેત્રમાં રજિસ્ટ્રાર સમક્ષ સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કેટ્સ લેઆઉટ- ડિઝાઇન રજિસ્ટ્રીમાં લેખિતમાં અરજી કરવાની રહેશે. આ માટેની પ્રક્રિયા એસઓઆઈસીએલડી અધિનિયમ, ૨૦૦૦ માં સૂચવેલ છે.

ચકાસણી પછી રજિસ્ટ્રાર અરજીનો ઇનકાર કરી શકે છે અથવા તેને સ્વીકારી શકે છે અથવા સુધારા અથવા સુધારાઓ સાથે, તે સ્વીકાર અંગે જરૂરી વિચાર કરી શકે છે.

### 3.6.3 ચોક્કસ લેઆઉટ-ડિઝાઇનની નોંધણી પર પ્રતિબંધ :

એસઓઆઈસીએલડી એક્ટ, ૨૦૦૦ એ અમુક લેઆઉટ ડિઝાઇનની નોંધણી પર પ્રતિબંધ મૂક્યો છે. લેઆઉટ ડિઝાઇન જે મૂળ સ્વરૂપની નથી તે પ્રતિબંધિત છે. તેવી જ રીતે, લેઆઉટ ડિઝાઇનની નોંધણી કે જેનું વ્યાવસાયિક રીતે ભારતમાં અથવા સંમેલન દેશમાં ક્યાંય પણ શોષણ કરવામાં આવ્યું છે, તેને પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. લેઆઉટ ડિઝાઇન જે સ્વાભાવિક રીતે વિશિષ્ટ નથી અથવા જે સ્વાભાવિક રીતે અન્ય રજીસ્ટર લેઆઉટ-ડિઝાઇનથી અલગ હોવા માટે સક્ષમ નથી તેની પણ નોંધણી કરી શકાતી નથી. આ અધિનિયમ, તેમ છતાં જણાવે છે કે, જે લેઆઉટ-ડિઝાઇનનું વ્યાપારી રીતે શોષણ કરવામાં આવ્યું છે તે તારીખથી બે વર્ષથી વધુ સમય માટે નોંધાયેલું ન હોય, જેની ભારત અથવા સંમેલન દેશમાં નોંધણી માટે અરજી કરવામાં આવી છે, તેનું વ્યાવસાયિક શોષણ નહીં થયું હોવાનું માનવામાં આવશે.

એસઓઆઈસીએલડી એક્ટ, ૨૦૦૦ મુજબ લેઆઉટ-ડિઝાઇનને મૂળ માનવામાં આવે છે જો તે તેના નિર્માતાના બૌદ્ધિક પ્રયત્નોનું પરિણામ હોય અને સામાન્ય રીતે લેઆઉટ- ડિઝાઇન્સના નિર્માતાઓ અને તેની રચના સમયે અર્ધવાહક ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સના ઉત્પાદકોને તે જાણીતું ન હોય. તત્ત્વો અને એક બીજા સાથેના જોડાણના સંયોજનથી બનેલા લેઆઉટ-ડિઝાઇન કે જે સામાન્ય રીતે લેઆઉટ-ડિઝાઇનના સર્જકો અને સેમિકન્ડક્ટર ઇન્ટિગ્રેટેડ સર્કિટ્સના ઉત્પાદકોમાં જાણીતું હોય, અને જો તે મૂળ સ્વરૂપના લેવામાં આવેલા સંયોજનનું પરિણામ હોય તો તે મૂળ સ્વરૂપનું માનવામાં આવશે નહીં. જ્યાં કમિશન અથવા રોજગાર કરારના અમલ માટે મૂળ લેઆઉટ-ડિઝાઇન બનાવવામાં આવી છે, ત્યાં આવા લેઆઉટ-ડિઝાઇનમાં નોંધણી કરવાનો અધિકાર, ચવિરુદ્ધના કોઈપણ કરારની જોગવાઈની ગેરહાજરીમાં તે વ્યક્તિ કે જેણે કામ સોંપ્યું છે તેનો અથવા એમ્પ્લોયરનો રહેશે.

### 3.6.4 અરજી પાછી ખેંચવાની સત્તા :

રજિસ્ટ્રારને નોંધણી માટેની અરજીની સ્વીકૃતિ પાછી ખેંચવાની સત્તા છે (લેઆઉટ ડિઝાઇનની નોંધણી પહેલાં) જો તેની જાણ આવે કે લેઆઉટ-ડિઝાઇનની જોગવાઈઓ હેઠળ નોંધણી પર અધિનિયમ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. જો કે રજિસ્ટ્રાર સ્વીકાર પાછો ખેંચતા પહેલા અરજદાર

ઈચ્છે તો તેને સાંભળવાની તક પૂરી પાડી શકે છે. [કલમ 9]

### 3.6.5 અરજી અંગેની જાહેરાત :

જયારે લેઆઉટ-ડિઝાઈનની નોંધણી માટેની અરજી સ્વીકારવામાં આવી છે, ત્યારે રજિસ્ટ્રારના સ્વીકારવાની તારીખ પછી 14 દિવસની અંદર સ્વીકૃત અરજેની જાહેરાત કરવા માટે બંધાયેલ છે. જાહેરાત પછી, રજિસ્ટ્રાર પાસે અરજી સુધારણા માટે આવી હોય અથવા તેને અધિનિયમ હેઠળ સુધારવાની મંજૂરી આપવામાં આવી હોય અને સુધારેલી અથવા સુધારણા કરવામાં આવી હોય તો તે અંગેની સૂચિત સૂચના અનુસાર ફરીથી એપ્લિકેશનની જાહેરાત કરવાની રહેશે. [કલમ 10]

### 3.6.6 નોંધણીનો વિરોધ :

કોઈપણ વ્યક્તિ લેઆઉટ ડિઝાઈનની સૂચિત નોંધણીનો વિરોધ કરી શકે છે. લેઆઉટ- ડિઝાઈનની નોંધણી માટેની અરજી સ્વીકાર્યા પછી, કોઈપણ વ્યક્તિ જાહેરાત અથવા ફરીથી જાહેરાતની તારીખથી ત્રણ મહિનાની અંદર અથવા તેના વિરોધ અંગે રજિસ્ટ્રારને લેખિતમાં નોટિસ આપી શકે છે અથવા વધુ સમયગાળાની અંદર એક મહિનાથી વધુ નહીં હોય પૂરી પાડવામાં આવેલ પ્રક્રિયા મુજબ વિરોધ દર્શાવી શકે છે (રજિસ્ટ્રાર દ્વારા મંજૂરી હોઈ તોજ વિરોધ દર્શાવવો શક્ય બનશે).

રજિસ્ટ્રારે નોંધણી માટે અરજદારને સૂચનાની નકલ આપવાની રહેશે. નોંધણી માટે અરજદાર વિરોધી નોટિસ પ્રાપ્ત થયાના બે મહિનાની અંદર, જેના આધારે તે આધાર રાખે છે તેના પ્રતિ-નિવેદન મોકલી શકે છે અને જો તે આમ નહીં કરે તો, તેણે તેની અરજી પાછી લઈ લીધી હોવાનું માનવામાં આવશે. રજિસ્ટ્રારને વિરોધની નોટિસ આપતી વ્યક્તિએ આધારોના પ્રતિ-નિવેદનની નકલ વિરોધનાં વ્યક્તિ ચસામાવાળા વ્યક્તિને મોકલવાની રહેશે. અરજદાર અને વિરોધી બંને જો તેઓની ઈચ્છા હોય તો વિરોધ ઉપર આધાર રાખતા કોઈપણ પુરાવા પણ રજૂ કરી શકે છે. જો રજિસ્ટ્રેશન માટે અરજદાર અથવા વિરોધી નોટિસ મોકલતા ન તો ભારતમાં રહે છે અને ન તો વ્યવસાય કરે છે, તો રજિસ્ટ્રાર તેમને તેમની આગળની કાર્યવાહીની કિમતો માટે સલામતી (બોન્ડ) આપવાની માંગ કરી શકે છે. તે પછી રજિસ્ટ્રાર તેની સામેના પુરાવાના આધારે નોંધણી સંબંધિત બાબતે નિર્ણય લઈ શકે છે. નોંધણી માટેની અરજીને ત્યજી દેવામાં આવે છે જો તે ૧૨ મહિનાની અંદર પૂર્ણ ન થઈ શકે એમ હોય અથવા તો અરજદારના ભાગ પર ડિફોલ્ટ હોવાને કારણે પણ ત્યજી દેવામાં આવી શકે છે અથવા આવા વિસ્તૃત સમયની અંદર રજિસ્ટ્રાર દ્વારા મંજૂરી પણ આપી શકાય છે. [કલમ 11]

### 3.6.7 નોંધણી :

જો અરજીનો નિર્ધારિત સમય મર્યાદામાં વિરોધ કરવામાં આવ્યો ન હોય અથવા અરજીનો વિરોધ કરવામાં આવ્યો હોય પણ રજિસ્ટ્રાર દ્વારા ગ્રાહય રાખવામા આવ્યો ન હોય અથવા અરજદારના પક્ષે વિરોધનો નિર્ણય

